Monday 12, May 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૦૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫





### થોડા વરસાદમાં જ કાદવ-કિચડથી અનેક વાહન ચાલકો લપસ્યા : કાર અને ટ્રક પણ ફસાઈ

# વાપીનાં રીંગ રોડની હાલત ચોમાસામાં વધુ કફોડી બનશે ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૧ :** વાપી મહાનગરપાલિકાના રીંગ રોડ પર લપસણો માટીના કારણે ૧૦થી વધુ બાઈક મોપેડ સવારો સ્લીપ મારી જતાં અનેક ચાલકોને ઈજાના બનાવ મનપાનું બાંધકામ વિભાગના અધિકારીઓ દ્વારા તાત્કાલિક રસ્તા ઉપરથી માટી હટાવી વહનચાલકો તથા રાહદારીઓને જવા-આવવા માટે રસ્તો બનાવે તેવી લોક માંગણી કરાઈ રહી છે.

વાપી મહાનગરપાલિકાના જે -ટાઈપ રેલવે ગરનાળાથી નામધા રીંગ રોડ પર આવેલા નાયરા પેટ્રોલ પંપ પાસે બે દિવસ પહેલા પડેલા વરસાદના કારણે રોડ પર કાદવ કિચડનું સામ્રાજ્ય ઊભું થઈ જવા પામ્યું હતું. જેના કારણે રસ્તો અત્યંત લપસણો બની ગયો હતો અને આ રસ્તો ટુ-વ્હીલર સવારો માટે જોખમ ઊભું થયું હતું અને આ રસ્તા ઉપરથી પસાર થતા ૧૦થી વધુ બાઈક અને મોપેડ એક જગ્યાએ લપસીને પડી જવાના બનાવ બનતા અનેક લોકોને નાની મોટી ઈજા થવા પામી હતી જોકે આ સમગ્ર ઘટના ત્યાં આવેલ નાયરા પેટ્રોલ પંપમાં લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેવી રીતે બાઈક અને મોપેડ ચલાવતા ચાલકો બેલેન્સ ગુમાવે છે અને રોડ પર પડી જાય છે. આ અંગે સ્થાનિકોએ જણાવ્યું કે કાદવમાં અનેક કાર પણ ફસાયેલી હતી. તેને કારમાં સવાર અને સ્થાનિક લોકો દ્વારા ધક્કો મારી મહામહેનતે બહાર કાઢી હતી. આ અકસ્માતની ઘટના બાદ વાહન ચાલકો તથા સ્થાનિક લોકોએ વહીવટીતંત્ર પાસે વહેલી તકે આ રોડની સફાઈ કરી લપસણો રસ્તો બનાવવાની માંગ કરી છે. જેથી ભવિષ્યમાં કોઈ મોટો અકસ્માત ન થાય.

જોકે મહાનગરપાલિકા દ્વારા આ સ્થળે બનાવવામાં આવી રહેલો રેલવે ઓવરબ્રિજની કામગીરીને લઈ શ્રી દશા માતા મંદિર અને નાયરા પેટ્રોલ પંપ પાસે બ્રિજ ઉતરતો બનાવવાની કામગીરીને રસ્તો ખોદી ત્યાં કામગીરી કરાઈ રહી છે. જેને લઈ સર્વિસ રોડ ઉપર આ સમસ્યા ઊભી થઈ છે.

## વાપીની લૂંટનો ફરાર આરોપી દમણથી ઝડપાયો

**વાપી, તા. ૧૧ :** વાપી ટાઉન પોલીસ મથક હદ વિસ્તારમાં લૂંટ કરી છેલ્લા ઘણા સમયથી નાસ્તો ફરતો આરોપી શશીકાંત ઉર્ફે શાહરૂખ વ્રજ મોહન સાગર મૂળ રહે યુપીનાને એલસીબી પોલીસે બાતમી તેમજ ટેકનિકલ અને મોબાઈલ લોકેશનના આધારે પોલીસ દ્વારા દમણના ખાટકીવાડમાં આવેલ સ્ટાર બિલ્ડીંગની સામેના કાલુ ચિકન શોપવાળી બિલ્ડીંગના ફ્લેટ નંબર આઠમાં રહેતા શશીકાંત ઉર્ફે શાહરૂખ વ્રજ મોહન સાગરને ઝડપી પાડી વાપી ટાઉન પોલીસ મથકમાં સોંપવામાં આવ્યો છે.

## ધમડાચી હાઈવેથી ૧૭.૭૩ લાખનો દારૂ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરતી વખતે બાતમી મળતા પોલીસની ટીમ ધમડાચી હાઈવે પર વોચ ગોઠવી ઊભા રહેતા બાતમીવાળો આઈસર ટેમ્પાને અટકાવે તેની અંદર તપાસ કરતા ૧૭.૭૩ લાખનો દારૂ સાથે તપાસ કરતા સુરતમાં રહેતો ટેમ્પો ચાલકની ધરપકડ કરી છે. જ્યારે દારૂ ભરાવનાર અને દારૂ મંગાવનારને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.



વલસાડ એલસીબીની ટીમ હાઈવે પર પેટ્રોલિંગમાં ફરતી હતી. તે દરમિયાન બાપની મળી કે એક આઈસર ટેમ્પામાં દારૂ ભરી સુરત લઈ જવાઈ રહ્યો છે. જે બાદમે આધારે પોલીસની ટીમે વલસાડના ધમડાથી હાઈવે પર વોચ ગોઠવી ઊભા રહેતા બાતમીવાળો આઈસર ટેમ્પો નંબર જીજે ૧૫ એવી ૫૩૧૨ને અટકાવી તેની અંદર તપાસ કરતા દારૂ બિયરના ૧૯૭ બોક્સને બિયરની ટીમ ૪,૯૫૬ વળી કુલ ૧૭,૭૩,૬૦૦ ટેમ્પાની કિંમત ૫ લાખ એક નંગ મોબાઈલ કિંમત ૫૦૦૦ મળી કુલ કિંમત ૨૨,૭૮,૬૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે આઈસર ટેમ્પો ચાલક શાહ નવાઝ શહનુદીન શેખ ઉ.વ.૩૭ રહે. ઝુપડપટ્ટી ઉધના રોડ-૦૨ સુરત શહેર મુળ રહે..જલગાવ મહારાષ્ટ્રની ધરપકડ કરી છે. દારૂનો જથ્થો ભરાવી આપનાર દારૂ સદામ ઈબ્રાહીમ શેખ રહે. ખારવાડ, દમણ તેમજ દારૂ મંગાવનારને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. આ અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

**જોઈએ છે**

૨૪ વર્ષની ઉંમરની છોકરી કે જેને મામુલી માનસિક રોગની અસર છે. તે કોલેજ જાય છે તેમજ મોટા ભાગનું પોતાનું કામ નિયમિત કરી લે છે. તેવા દર્દીને કાઉન્સીલીંગ, દવા તથા દેખરેખ માટે સવારે ૧૦ થી સાંજના ૮.૦૦ સુધી કેર લઈ શકે એવી રીટાયર્ડ/ નોન રીટાયર્ડ નર્સ જોઈએ છે.

સંપર્ક મો. નં. : 8140977999

**A FAMILY WATERPARK**




VAPI-DAMAN AIR PORT ROAD, KUNTA.
Cell : 98251 20466

Congratulations to Damanganga Times
On the occasion of the 28th Foundation day

MEERA ENTERPRISES
Quality Office Furniture

Office
Mob.: 9328844040

Life Style
Home Furniture



3, Royal Shopping Center, Opp. Ashadham School, Koparli Road, Vapi - 396 191, Gujarat, INDIA. Tel Fax : +91 260 - 2430669
: sales@meeraenterprises.com : www.meeraenterprises.com
facebook.com / meeraenterprises.in

**મોકાની દુકાન વેચવાની છે**

ટેલિફોન એક્સચેંજની બાજુમાં, આશાપુરા શોપીંગમાં મોકાની દુકાન વેચવાની છે. એરિયા ૭૭૫ ચોરસ ફૂટ દસ્તાવેજ મુજબ.

સંપર્ક : 98241 37602

**FULLY FURNISHED A.C.OFFICE FOR SALE.**

Fully furnished A.C.Office (FIRST FLOOR) with 12mm thick glass cabin, Table.with revolving chairs,, staff cabin for 4 person with computer points and wall mounted filing cabinets, pantry ,Toilet. Ready for use GIDC. CHAR RASTA, near CNG PUMP.

Contact:-9737767000

Congratulations to Damanganga Times
On the occasion of the 28th Foundation day

NICE-TUFF TOUGHENED
Believe In Action...

**NICE-TUFF**
**SAFETY GLASS**

Lalit Patel +91 98247 90358
Durgesh patel +91 99042 73332



Mfg. of Toughened Safety Glasses, Flat & Curved

Factory - Damanganga Industrial Park (II), Plot No. 198 & 199, Village - Karvad, Vapi - 396 191. Guj., (India),
E-mail : nicetuff15@yahoo.com


Congratulations to Damanganga Times
On the occasion of the 28th Foundation day

AUTO-TUF TOUGHENED

**AUTO-TUF**
**SAFETY GLASS**

ISO 9001 : 2015

MFGS. & PROCESS OF TOUGHENED GLASSES FLAT & CURVED AUTOMOBILE GLASSES & ALLIED PRODUCTS.



Plot No. 57 (1) 3A & 3B, Dunetha, Bhenslore Road, Nani-Daman-396 210. (U.T.)
Tel: (0260) 2261205, Office Mob.: +919924449978, +919924449979

E-mail: autotuf@yahoo.co.in

## બીલીમોરા જલારામબાપા મંદિરનો પાટોત્સવ ઉજવાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા ૧૧ :** બીલીમોરામાં જલારામબાપા મંદિરે ૩૧મો પાટોત્સવ મહોત્સવ શનિવારે રંગેચંગે ઉજવાયો હતો.રામ નામ મેં લીન હૈ દેખત સબમે રામ તાકે પદ વંદન કરું જય જય જલારામ. યજ્ઞ, ભજન ભોજન નો લ્હાવો લેવા સેંકડો શ્રદ્ધાળુઓ ઉમટી પડતા જલિયાંણ ના પાવન ધામ વીરપુર જેવા દ્રશ્યો સર્જાયા હતા.

બીલીમોરા નગરપાલિકા લગોલગ તળાવ ની પાળે ૩૧ વર્ષ અગાઉ જલારામબાપાનું ભવ્ય મંદિરનું નિર્માણ કરાયું હતું. વૈશાખ સુદ તેરસને શનિવારે ૩૧માં વિવિધ સેવાકીય અને ધાર્મિક કાર્યક્રમો સાથે પાટોત્સવ ની યાદગાર ઉજવણી કરાઈ હતી. વહેલી સવારથી શરૂ થયેલા યજ્ઞ પૂજા ના મુખ્ય યજમાન દીપક ગાંધી,ભાવનાબેન ગાંધી,આશિષ રાઠોડ,કલ્પનાબેન રાઠોડ અને રમેશચંદ્ર પટેલ, રેખાબેન પટેલ બાપાની ભક્તિમાં લીન બન્યા હતા.બાપાના ચરણોમાં નતમસ્તક થઈ ભક્તિ સંગીત અને ભજનમાં સેંકડો ભક્તો લીન બન્યા હતા. જલારામ બાપાને આકર્ષક શણગાર કરાયો હતો.

જય જલારામ માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ,ટ્રસ્ટીઓ સહિત સ્વયંસેવકો એ ૩૧માં પાટોત્સવ ને યાદગાર બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. બીલીમોરા જય જલારામ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા દરરોજ વિનામૂલ્યે અન્નક્ષેત્ર, અનાજ સહાય, શૈક્ષણિક સહાય, દિવ્યાંગ સહાય પાણીની પરબ, તબીબી સહાય,વિધવા સહાય,સરકારી હોસ્પિટલના દર્દીઓને ભોજન,પ્રાથમિક દવાખાનું અને જલારામ અગ્નિસંસ્કાર ધામ, થેરાપી સેન્ટર જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિ નિરંતર કરવામાં આવી રહી છે. ભક્તિ ભજન, ભોજન સાથે ભક્તો એ જોગી જલિયાંણના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ છે આપણો દેશપ્રેમ ! અંધારપટ નો આદેશ હોવા છતાં

## બીલીમોરામાં કેટલીક દુકાનોની લાઈટો બેરોકટોક ચાલુ,પોલીસે લાઈટો બંધ કરાવવી પડી

કાયદા માં રહેશો તો.......માં રહેશો. નવસારી જિલ્લામાં ઉચ્ચ કક્ષાએથી કરાયેલા સિવિલ ડિફેન્સ મોકડ્રિલ અને બ્લેક આઉટ ના આદેશ બાદ બુધવારે બીલીમોરા ના મોટાભાગના વિસ્તારમાં સાંજે ૭.૩૦ થી ૮ વાગ્યા સુધી અંધારપટ છવાયો હતો. બીલીમોરા ના મહોલ્લા, સોસાયટી, દૂકાનો,એપાર્ટમેન્ટ સહિત મોટાભાગના વિસ્તારોમાં લોકોએ સ્વેચ્છાએ લાઈટો બંધ કરી સરકાર ની સુચનાનું કડક અમલવારી કરી હતી. જો કે આ?ર્યની વાત તો એ છે કે ગંગા માતા મંદિર થી રેલ્વે સ્ટેશન તરફ જતા તીન બતી પાસે આવેલી નોન વેજની દુકાનો,બેકરી,કપડાં ની દુકાન અને ખાડા માર્કેટ સ્થિત ભેરૂનાથ માર્કેટ તો બેરોકટોક લાઈટોથી ઝગમગી રહયું હતું. બીલીમોરા પીઆઇ અને તેમની ટીમે લાલ આંખ કરતા લાઈટો ટપોટપ બંધ થઈ હતી.

યુદ્ધની કટોકટી ના સમયે અંધારપટ ના નિયમો અને નીતિઓનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે માત્ર વ્યક્તિગત હિત માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે પણ મહત્વપૂર્ણ છે. કોઈ વ્યક્તિ જ્યારે અંધારપટનો અમલ નથી કરતો, ત્યારે તે અન્ય લોકો માટે જોખમ ઊભું કરી શકે છે.

આથી, શહેરમાં નગરજનોની સુરક્ષા અને સલામતી માટે નિયમોનું પાલન કરવું જરૂરી છે. ભારતીય વાયુસેના,નૌકાદળ અને થલ સેના ના સૈનિકો આપણા દેશના ગૌરવ અને સુરક્ષાના પ્રતીક



બીલીમોરાનો પત્ર
અશોક જોષી, બીલીમોરા

છે. દેશની રક્ષા માટે પોતાના જીવન અને પરિવારને જોખમમાં મૂકી દેશ ની સરહદ પર ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધની તણાવભરી સ્થિતમાં રાત દિવસ ખડે પગે ઊભા છે.અને દુશ્મનોને જડબાતોડ જવાબ આપી રહ્યા છે.

ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધની તણાવભરી સ્થિતિ વચ્ચે નગરજનો ની સુરક્ષા માટે કરાતા અગમચેતી ના ભાગરૂપે મોકડ્રીલ માં સાથ સહકાર ન આપનારા લોકો સામે તંત્ર તરફથી કડક કાર્યવાહી કરી શિસ્ત અને સુરક્ષા ના પાઠ ભણાવવા જરૂરી બન્યા છે. બોર્ડર પર ઘમાસાન ચાલી રહયુ છે.

જેની સાવચેતીના પગલારૂપે ફક્ત અડધો કલાક લાઈટો બંધ કરવાનો આદેશ ન માનનારા ને આ દેશમાં રહેવાનો અધિકાર છે ખરો ! દુકાનદારો તો ઠીક પણ કેટલાક બેશરમીઓ એજ સમયે દુકાનોમાં ખરીદી કરતા દેખાયા હતા. આવી હરકતથી જોઈ માથું શરમ થી ઝૂકી જાય છે.બોર્ડર પર સૈનિકો કપરી મુશ્કેલીઓ નો સામનો કરીને પણ માતૃભૂમિ ને આંચ ન આવે એના માટે પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર છે અને આપણે અડધા કલાકના અંધારપટમાં પણ રહી શકતા નથી. મિત્રો બસ એકવાર તમે આંખ બંધ કરી લડાઈ ભૂમિમાં છો એવી કલ્પના કરો પછી તમને અહેસાસ થશે કે ઘર પરિવાર છોડીને દેશવાસીઓની સુરક્ષા માટે લડતા ભારતમાતા ના સપુતો ઉપર શું વીતે છે. જ્યારે દેશના કેટલાક બેજવાબદાર લોકો સુરક્ષાના નામે મીંડુ ચીતરી લાખો લોકોના જીવ જોખમમાં મૂકે છે.

બે હાથ જોડી એક જ વિનંતી છે, મિત્રો તંત્ર તરફથી મળતા આદેશોનું પાલન કરો અને કરાવો.ઘરમાં રહીને પણ એક સાચા સૈનિક તરીકે દેશ સેવાના ભાગીદાર બનો... બાકી કામ તો આપણી ભારતીય સેના કરી જ રહી છે....જય હિંદ..વંદે માતરમ્.

## આહવાના ધવલીદોડમાં 'ગ્રીષ્મ બાળ શિબિર' યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**આહવા, તા. ૧૧ :** દિવાળીબેન ટ્રસ્ટ બારડોલી અને દેસાઈ ફાઉન્ડેશન નવસારી દ્વારા તા. ૧૦ એપ્રિલના રોજ આહવા તાલુકાના ધવલીદોડ ગામે 'ગ્રીષ્મ બાળ શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધવલીદોડ પ્રાથમિક શાળાના ૧૦૦ થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ 'ગ્રીષ્મ બાળ શિબિર' માં બાળકોને યોગા અભ્યાસ, મગજની કસરતો વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગો જેવા કે અંધશ્રદ્ધા નિર્મૂલન તેમજ વ્યસન મુક્તિ ના પ્રયોગો કરવામાં આવ્યા હતાં.

બાળકોને રમતા રમતા અભ્યાસિક બાબતો પણ શીખવવામાં આવી હતી. ગમ્મત સાથે ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો ના એકમો શીખવવામાં આવ્યા હતા.

જેમાં દરેક બાળકોએ ખૂબ હોંશે હોંશે પ્રવૃત્તિઓ દ્વારા અભ્યાસિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન દિવાળીબેન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી નલિનભાઈ તેમજ કો-ઓર્ડીનેટર ભાવેશભાઈ, અમરભાઈ અને રોશનીબેનના માર્ગદર્શન હેઠળ આહવા તાલુકાના સંયોજક રાજેશ પટેલ અને ગંગારામભાઈ ચૌધરી, તેમજ ધવલીદોડ ગામના આગેવાન રમેશભાઈ ગાંગોર્ડાની આગેવાની હેઠળ 'ગ્રીષ્મ બાળ શિબિર' યોજવામાં આવી હતી.

## સુરત રેન્જ આઈજીએ ધોલાઈ બંદરે દરિયાઈ સુરક્ષા સમીક્ષા કરી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી, તા. ૧૧ :** સુરત રેન્જ આઈજી પ્રેમવીરસિંઘ એ શનિવાર સાંજે ધોલાઈ બંદરે દરિયાઈ સુરક્ષા સમીક્ષા કરી હતી. દરિયાઈ માર્ગે સંભવિત હુમલાખોર કે ઘૂસણખોરી ને રોકવા મરીન પોલીસ સાથે એલસીબી, એસઓજી, મરીન કમાન્ડો, સ્થાનિક માછીમારો, બોટ ખલાસી, વોચ ગ્રુપ ને એલર્ટ કર્યા હતા.

જમ્મુ કાશ્મીરના પહેલગામ માં આતંકી હુમલા બાદ યુદ્ધની સ્થિતિ સર્જાઈ હતી. જેને પગલે સુરક્ષા વ્યવસ્થા હાઈ એલર્ટ ઉપર છે. ગુજરાત નો ૧૬૦૦ કીમી દરીયા કિનારો પાકિસ્તાની સરહદ સાથે જોડાયેલો છે. જે પૈકી નવસારી જિલ્લામાં ૫૪ કીમી દરિયા કિનારા સ્થિત બીલીમોરા નજીક ધોલાઈ બંદર કાર્યરત છે. દેશભરમાં યુદ્ધ ની પરિસ્થિતિ જોતા ધોલાઈ બંદરે શનિવાર સાંજે રેન્જ આઈજી પ્રેમવીરસિંઘ, નવસારી જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલ, ડીવાયએસપી એસકે રોય, ભગીરથસિંહ ગોહિલ સહિત અધિકારીઓ એ મુલાકાત યોજી હતી. જ્યાં ફિસરીઝ અધિકારીઓ, પોલીસ ની વિવિધ પાંખ, મરીન કમાન્ડો ને સાથે રાખી સ્થાનિક માછીમારો, બોટ સંચાલકો, વોચ ગ્રુપ ને એલર્ટ કરાયા હતા. દરિયામાં બોટ ની ઓળખ, લેન્ડિંગ પોઈન્ટ, કાંઠામાં અવાવરું ખાંજણ વિસ્તાર સહિત પેટ્રોલીંગ વધારી દેવાયું હતું. હાલ ધોલાઈ બંદરે થી માછીમારી કરવા નીકળેલી ૨૦૯ બોટ પૈકી ૪૭ બોટ પરત ફરી છે. જ્યારે હાલ દરિયામાં ૧૬૨ બોટ છે. જેમને તાકીદે પરત ફરવા સૂચના અપાઈ હતી. તેમજ સરકાર તરફ થી નવા આદેશ ન આવે ત્યાં સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. દરિયા કિનારે કોઈ પણ નાપાક હરકત ને રોકવા પોલીસ ને જાણ કરવા સૂચના અપાઈ હતી.

## વાંસદામાં શિવમ હોસ્પિટલમાં રક્તદાન કેમ્પ યોજાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાંસદા, તા. ૧૧ :** રેડ ક્રોસ સ્થાપના દિન નિમિત્તે શિવમ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન રેડક્રોસ સોસાયટી વાંસદા, શિવમ હોસ્પિટલ હનુમાન બારી, જેસીઆઈ વાંસદા રોયલ, વાંસદા પોલીસ સ્ટેશન ના સહયોગ થી કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં ૪૧ રક્ત યુનિટ એકત્ર કરવામા આવ્યું. દરેક રક્તદાતાનો રક્તદાન કરવા માટે આભાર આ રક્તદાન કેમ્પમા શિવમ હોસ્પિટલ ના ડૉ. મનીષભાઈ પટેલ, ડૉ. જિજ્ઞાશાબેન પટેલ, ડૉ.ભાવિકાબેન, રેડક્રોસ સોસાયટી વાંસદાના પ્રમુખ જયવીરેન્દ્ર સિંહ સોલંકી, ઉપપ્રમુખ ગૌરાંગના કુમારી, સેક્રેટરી પ્રદ્યુમ્નસિંહ સોલંકી, વાંસદા પોલીસ સ્ટેશનના આહીર જેસીઆઈ વાંસદા રોયલના પ્રમુખ જેસી મિતુલ ભાવસાર, જેસી ધર્મેન્દ્રસિંહ સોલંકી, હનુમાનબારી ગામ ના સરપંચ રાકેશભાઈ પટેલ હનુમાનબારી વેપારી મંડળ ના પ્રમુખ રાજેશભાઈ સોલંકી, તિલક મંડળના પ્રમુખ અંતરિક્ષભાઈ , તા.પ. સભ્ય યોગેશભાઈ દેસાઈ વિરલભાઈ વ્યાસ, કિશનભાઈ, હીનેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા

## ગણદેવીના હોસ્પિટલમાં દર્દીના મોત પ્રકરણમાં એનેસ્થેસિયા ડોકટર, નર્સ અને મેનેજરની ધરપકડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી, તા. ૧૧ :** ગણદેવી ખત્રીવાડ સ્થિત દમણીયા હોસ્પિટલમાં પાંચ મહિના અગાઉ પગ નાં થાપાનું ફેક્ચરનું ઓપરેશન બાદ આઈસીયુ માં દર્દી નું ભેદી સંજોગોમાં મોત નિપજયું હતું. જેમાં તપાસ કમિટી નવસારી સિવિલ હોસ્પિટલ મેડિકલ કમિટી ના અભિ-ાય બાદ શનિવાર સાંજે દમણીયા હોસ્પિટલના ડોકટર અને નર્સ મેનેજમેન્ટ ટ્રસ્ટી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. જે બાદ ગણતરીના સમયમાં પોલીસે ડોકટર સહિત ત્રણ ની ધરપકડ કરી હતી.

ગણદેવી નાં રહેજ ગામે ટી કે નગર માં રહેતા અને ચીખલી તાલુકા નાં વંકાલ ગામે સદગુરુ ર.મ. માધ્યમિક વિદ્યાલય માં આચાર્ય તરીકે ફરજ બજાવતા અર્જુનભાઈ ગુલાબભાઈ રાઠોડ (૫૪) ના પગના થાપાનું પાંચ મહિના અગાઉ ગણદેવીની દમણીયા હોસ્પિટલમાં ઓપરેશન કરાયું હતું. બે કલાક નાં ઓપરેશન બાદ તેમને ઓપરેશન થિયેટર માંથી બહાર લાવવામાં આવ્યા હતા. તે વેળા પત્ની સાથે વાત પણ કરી હતી. ત્યાર બાદ આઈસીયુ વિભાગ માં લઈ જવાયા હતા. તે વેળા અર્જુનભાઈ ને ચેકઅપ કરવા માટે એનેસ્થેસીયન ડો. ભરતભાઈ નાયક આવ્યા હતા. અને તેમણે હોસ્પિટલ નાં નર્સ નિરાલીબેન ને સૂચના આપી હતી કે દર્દી ને ટર્મિન ઈન્જેક્શન ૦.૪ એમ એલ આપો. તે સાથે ઈન્જેક્શન આપતા દર્દી અર્જુનભાઈ ની તબિયત લથળી હતી. અને બોલતા બંધ થયા હતા. દર્દી નું ઓક્સિજન લેવલ શૂન્ય થયું હતું. જે વેળા આઈસીયુ માં હાજર એકમાત્ર નર્સ એ ઓક્સિજન ની કીટ લેવા દોડા દોડી કરી હતી. તે સાથે હોસ્પિટલનાં અન્ય તબીબો અને સ્ટાફ ધસી આવ્યા હતા અને સારવાર શરૂ કરી હતી. તેમ છતાં દર્દી અર્જુનભાઈ રાઠોડ ને બચાવી શકાયા ન હતા. તે વેળા મૃતક અર્જુન રાઠોડ નાં ધર્મપત્ની સોનલબેન રાઠોડ એ ગણદેવી પોલીસ માં દમણીયા હોસ્પિટલમાં આઈસીયુ વિભાગ માં જરૂરી સાધન નાં અભાવે પોતાના પતિ નું મોત નિપજયું હોવાના આરોપ સાથે કાયદેસર તપાસ કાર્યવાહી ની માંગ કરી હતી.

દરમિયાન નવસારી સિવિલ હોસ્પિટલ મેડીકલ કમિટી રચના કરાઈ હતી. જેના અભિ-ાય માં ડોક્ટર અને હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા નિષ્કાળજી અને બેદરકારી દાખવેલનું જણાયું હતું. જે બાદ ગણદેવી પોલીસ માં મૃતક અર્જુન રાઠોડ ની પત્ની સોનલ અર્જુન રાઠોડ (૪૩) એ શનિવાર સાંજે ડોકટર, નર્સ અને મેનેજમેન્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ગણદેવી પોલીસ એ આરોપી ડો.ભરતભાઈ નાનુભાઈ નાયક (૬૫) રહે. પારિજાત, અનાવિલ વાડી સામે બીલીમોરા, નર્સ નિરાલી ભરત નાયકા (૨૦) રહે. ધમડાછા અને મેનેજર ઈમેશ રમેશચંદ્ર ગાંધી(૪૬) રહે.પારસીવાડ ગણદેવી ની ધરપકડ કરી હતી.વધુ તપાસ ગણદેવી પીઆઈ વીજી ભરવાડ કરી રહ્યા છે.

## નવસારી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**નવસારી, તા. ૧૧ :** આદિજાતિ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે આજે કલેક્ટર કચેરી ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને નવસારી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન આયોજન વર્ષ ૨૦૨૫-૨૬ના અમલ અંગે મંત્રીશ્રી દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. જેમાં નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં અંદાજિત રૂ. ૬૪૪૧.૪૧ લાખની જોગવાઈ સામે અંદાજિત રૂ.૮૦૧૮.૮૭ લાખના ૧૩૪૨ કામોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સહિત ઉપસ્થિત પદાધિકારીઓએ બહાલી આપી હતી. બેઠકમાં પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈએ 'ન્યુ ગુજરાત પેટર્ન ૨૦૨૫-૨૬ યોજના અંતર્ગત ગત મીટીંગના કામોને બહાલી, વર્ષ-૨૦૨૫-૨૬ માટે સદર અનુસાર જોગવાઈઓ અને ફાળવવામાં આવેલ કામોની વિગતવાર સમિક્ષા કરી કામો યોગ્ય ગુણવત્તામાં થાય અને સમયસર કામગીરી પૂરી થાય તે અંગે ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. મંત્રીશ્રીએ યોજના હેઠળ ફાળવેલી ગ્રાન્ટના કામો સમય મર્યાદામાં પૂર્ણ કરવા અમલીકરણ અધિકારીઓને ખાસ સૂચના આપી હતી. આ બેઠકમાં પ્રાયોજના વહીવટદાર પ્રણવ વિજયવર્ગિય દ્વારા ન્યુ ગુજરાત પેટર્ન ૯૬ ટકા અને ૦૪ ટકા વિવેકાધિન સંભવિત જોગવાઇના ૨૦૨૫-૨૬ અંતર્ગત જિલ્લામાં સામાન્ય શિક્ષણ, તાંત્રિક શિક્ષણ, આરોગ્ય, અ.જ.જા અને ૫.વ.ક, શ્રમ અને રોજગાર, મધ્યાહન ભોજન, પોષણ, પાક વ્યવસ્થા, બાગાયત, પશુપાલન, ડેરી વિકાસ, વન નિર્માણ, ગ્રામ વિકાસ, નાની સિંચાઈ, વિસ્તાર વિકાસ, ઉર્જા વિકાસ, ગ્રામ્ય અને લઘુ ઉધ્યોગ, માર્ગ અને પુલ, નાગરિક પુરવઠો, પાણી પુરવઠો યોજનાઓ અંગે જોગવાઈ અને કામો અંગે ચર્ચા કરી વિગતવાર માહિતી આપી હતી.

## વ્યારામાં સૂર્ય ઘર વિજળી યોજનાની માહિતી નાટકો દ્વારા પૂરી પાડાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૧૧ :** દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ DGVCL ડિવિઝન કચેરી વ્યારા (તાપી) pm સૂર્યઘર- મફત વિજળી અનુસંધાન તાપી જિલ્લાના ૧૯ જેટલા જૂથ પંચાયત નાં સિલેકટેડ ગામો માં મોડલ સોલાર ગામે સ્પર્ધા સંદર્ભ રૂફટોપ સોલર પેનલ સિસ્ટમ થી ગ્રામ્યકક્ષા એ લાભાર્થી નાગરિકો ને કેટલો ફાયદો થાય અને કઈ રીતે વિજળી મફત મળી શકે, તેમજ વિજળી ગ્રીટ ને કઈ રીતે વેચાણ કરશે? તેવી જ્ઞાન સાથે ગમ્મત આપતું શેરી નાટક સ્થાનિક ભાષા મા અમદાવાદ નાં રાજુ જોષી નાં ૬ કલાકારો એ ભજવી ને તમામ સૂર્ય ઘર વિજળી યોજના ની માહિતી ગમ્મત સાથે નાટક મા ભજવી ને ગ્રામ્પકક્ષા નાં ગ્રામજનો ને માહિતી પૂરી પાડી. આ નાટ્ય કાર્યક્રમ માં સરપંચ, તલાટીશ્રી, દક્ષિણ ગુજરાત વિજ કંપની અને અન્ય ગ્રામજનો, કર્મચારી ગણ હાજર રહયા હતાં.

## દમણ રેડિયો 102.3 FM

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરીત માણસ ગાન, ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી), ૯.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- (અમદાવાદ-વડોદરા પરથી કાર્યક્રમો), ૦૧.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** (દમણથી)૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૬.૫૫ પ્રાદેશિક સમાચાર, ૭.૧૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ - દમણથી કિસાનવાણી, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર સંધ્યા દિલ્હીથી, ૮.૩૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૧.૦૦ હિન્દી સમાચાર ૧૧.૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૧૨-૦૫-૨૦૨૫, **વારઃ** સોમવાર **તિથિઃ** પૂનમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧ **સૂર્ય ઉદયઃ** ૦૬:૦૯ **સૂર્ય અસ્ત :** ૧૯:૦૬ **ચંદ્રરાશિઃ** વૃશ્ચિક

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે કામનું દોડધામભર્યું સમયપત્રક તમને ગુસ્સાવાળા સ્વભાવના કરી શકે છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો.*

**કર્ક(ડ.હ) :** *આજે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો.*

**સિંહ(મ.ટ.) :** *આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ.*

**તુલા (ર.ત.) :** *આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજે તમારૂં મોહિત કરનારૂં વર્તન લોકોનું ધ્યાન આકર્ષિત કરશે.*

**મકર(જ.ખ) :** *આજે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજે તમને વેપાર માં ફાયદો થશે અને ચહેરા પર સ્મિત લાવી શકે છે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે.*

# ઉમરગામ જીઆઈડીસી કોલોની વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી માટે પારાયણ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા. ૧૧ :** ઉમરગામ, ઉમરગામ જીઆઈડીસી નોટિફાઈડ વિભાગ દ્વારા સ્થાનિક રહેઠાણ વિસ્તારમાં રહેતા રહીશું અને પાણી પૂરું પાડવા વારોલી સ્કીમ હેઠળ ખાડી મથી પાણી પંપિંગ કરી ફિલ્ટરેશન પ્લાન્ટ સુધી લાવી ફિલ્ટર કરી લોકોને રોજ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા વર્ષોથી કામગીરી થતી જોવા મળે છે વિભાગ દ્વારા ટેન્ડર બહાર પાડી કામગીરી સોંપવામાં આવે છે વર્ષોથી એક જ વ્યક્તિ દ્વારા પાણી સુવિધા પૂરી પાડવા ટેન્ડર ભરવામાં આવે છે અને એ જ વ્યક્તિ વારોલી સ્કીમ હેઠળ પાણી સુવિધા પૂરી પાડે છે. જીઆઈડીસી કોલોની વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી પુરવઠો અનિયમિત બનતા લોકોએ ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. વીજ પુરવઠો ખોરવાત પાણીની સમસ્યા સર્જાઈ હોવાનું અધિકારી દ્વારા જણાવાયું હતું પરંતુ જે એજન્સીને કામગીરી સોંપવામાં આવી છે તમામ જવાબદારી એજન્સીની છે વીજ પુરવઠો ન હોય તો અન્ય વૈકલ્પિક સુવિધા ઉભી કરી સમયસર જીઆઈડીસી કોલોની વિસ્તારના લોકોને પાણી મળી રહે તે માટે એજન્સી એ કામગીરી કરવાની રહે છે પરંતુ એજન્સી દ્વારા સ્થાનિક રહેઠાણ વિસ્તારના લોકોને પાણી પૂરું પાડવા બાબતે ટેન્ડરમાં ઉલ્લેખ કરેલ શરતો બાબતે આંખ આડા કાન કર્યા હોવાનું સ્પષ્ટ પણે જણાવી રહ્યું છે અને તેથી જ વીજ પુરવઠો બંધ હોવાનું જણાવી રહેઠાણ વિસ્તારમાં પાણી સુવિધા પૂરી પાડવામાં બહાને બાજી થઈ રહી છે. સ્થાનિક વિસ્તારમાં નોટિફાઈડ માં પાણી સુવિધા પૂરી પાડવા બાબતે નાણાકીય ખર્ચ અંગે પણ શંકા કુશંકા વ્યાપી રહી છે. કેટલાક એવા ખર્ચ છે જેની સામે તપાસ થવી જરૂરી છે .

ઉમરગામ જીઆઈડીસી રહેઠાણ વિસ્તારમાં રહેતા ઉદ્યોગપતિ અને જીઆઈડીસી નોટિફાઈડ બોર્ડ ના કોપ મેમ્બર અજયભાઈ શાહ એ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસથી પાણી અનિયમિતપણે આવતો હોવાની ફરિયાદ મળી હતી અને તે અંગે નોટિફાઈડ અધિકારીને જાણ કરી જો એજન્સી કસૂરવાર હોય તો તેની સામે કાર્યવાહી કરવા જણાવ્યું છે.

ઉપરોક્ત બાબતે જીઆઈડીસી ના ઉચ્ચ અધિકારીઓનું પણ ધ્યાન દોર્યું છે સ્થાનિક રહેઠાણ વિસ્તારના લોકોના ટેક્સના પૈસા યોગ્ય રીતે વપરાશ થાય અને કચેરીમાં પારદર્શિતા રહે તે માટે ઉચ્ચ અધિકારીઓ ગંભીરતા દાખવી મુખ્યત્વે વારોલી સ્કીમ હેઠળ થતા ખર્ચ બાબતે તળિયા જાટક તપાસ કરાવે સાથે જ પાણી સુવિધા બાબતે સેવા પૂરી પાડવામાં નિષ્ફળ એજન્સીને રદ કરી જવાબદારી પૂર્વક કામ કરી શકે એવી એજન્સીને કામગીરી સોંપવામાં આવે જેથી કરી જીઆઈડીસી કોલોની વિસ્તારમાં પાણીની સુવિધા અવિરત પણે લોકોને મળી રહે હવે જોવું રહ્યું કે જીઆઈડીસી વિભાગના અને નોટિફાઈડ વિભાગના અધિકારીઓ આ બાબતે ગંભીરતાપૂર્વક કામગીરી કરશે ખરા.

# વલસાડમાં આઈજીએ સમીક્ષા બેઠક કરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૧ :** જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા ના પગલે ગુજરાતમાં દરિયાઈ સુરક્ષા વધુ કડક બનાવાય છે ત્યારે વલસાડ જિલ્લાના દરિયાઈ કાંઠા વિસ્તારમાં પણ દક્ષિણ ગુજરાતમાં રહીને દ્વારા વિસ્તારોની મુલાકાત લઈ પોલીસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી. જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકોના મોત થવાની ઘટના બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઊભું થયું છે. આતંકવાદી હુમલા ના પગલે ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં પોલીસ સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી છે. ત્યારે વલસાડ જિલ્લાના ૭૦ કિલોમીટર લાંબા દરિયા કિનારે વલસાડ જિલ્લા પોલીસ વડા દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. આ ઉપરાંત વલસાડ જિલ્લામાં વાહન ચેકિંગો પણ કરવામાં આવી રહ્યા છે. તેમજ કાંઠા વિસ્તારમાં માછીમારો સાથે પોલીસ દ્વારા બેઠક યોજવામાં આવી હતી. વલસાડ જિલ્લાના દરિયાકિનારે કોઈ ચૂક રહી ન જાય તે માટે દક્ષિણ ગુજરાતના રેન્જ આઈ જી પ્રેમવીર સિંહ એ પણ મુલાકાત લીધા બાદ પોલીસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી. આ ઉપરાંત વલસાડ સીટી અને રૂરલ પોલીસ મથકના પીઆઈ તેમજ પોલીસ ટીમ દ્વારા વલસાડના કાંઠા વિસ્તારમાં રહેતા સ્થાનિક માછીમારો સાથે બેઠક યોજવામાં આવી છે. તેમને કોઈ અજાણી બોટ કે વ્યક્તિ દેખાય તો તરત પોલીસને જાણ કરવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત વલસાડ જિલ્લાના દરિયામાં માછીમારી કરવા જતા માછીમારોને સરકારના નવા આદેશ સુધી દરિયામાં નહીં જવા માટે સૂચના આપવામાં આવી છે.

# ઉમરસાડી માછીવાડમાં 6H અને 6BN NDRF ટીમ દ્વારા તાલીમ યોજાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ખાતે તા. ૦૯ મે ૨૦૨૫ના રોજ 6H અને 6BN NDRF ટીમ દ્વારા ઈમરજન્સીના સમયે બચાવ કામગીરી અંગેની પ્રાથમિક તાલીમ યોજાઈ હતી. જેમાં ૬૮ જેટલા લોકોએ ભાગ લઈ પ્રાથમિક ટ્રેનિંગ મેળવી હતી.

એનડીઆરએફની ટીમ દ્વારા એનડીઆરએફનો પરિચય, ડિઝાસ્ટર અને તેના પ્રકારો, લેન્ડ સ્લાઈડ, વાવાઝોડા અને વધુ વીજળી પડતી હોય, હિટવેવ હોય તે સમયે શું કરવું અને શું ન કરવું, ભૂકંપથી બચાવ, વિવિધ ઈમરજન્સીઓના સમય દરમિયાન સીપીઆર અને એફબીએઓ, લોહી વહેતું અટકાવવું, સોફ્ટ ટિસ્યુ ઈજા, હાડકું તૂટવાના સમયે કપડાનો ઉપયોગ, સ્ટ્રેચરનો ઉપયોગ, દર્દીને ઉપાડવા અને સલામત ખસેડવું, પૂરના સમયે શરીરને તરતું રાખવાના સામાન્ય ઉપાયો, આગના સમયે ફાયર એક્ટિંગ્યુસરનો ઉપયોગ અને સ્નેક બાઈટ દરમિયાન પ્રાથમિક ઉપચાર કેવી રીતે કરવો તે અંગેની તાલીમ આપવામાં આવી હતી.

# કલવાડા હાઈસ્કૂલનું ૮૧ ટકા પરિણામ આવ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૧ :** પ્રગતિ યુવક મંડળ સંચાલિત નવ-પ્રગતિ સાર્વજનિક હાઈસ્કૂલ કલવાડા નું માર્ચ ૨૦૨૫ માં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી પરીક્ષા નું પરિણામ ૮૧ ટકા આવેલ છે.

શાળાને ગૌરવ અપાવવા બદલ વિદ્યાર્થીઓને અને શાળાના શિક્ષકમિત્રોને શાળા સંચાલક મંડળ અને આચાર્ય એ અભિનંદન પાઠવ્યા છે. શાળામા પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સંચાલક મંડળ, આચાર્ય અને શિક્ષક મિત્રોએ ઉચ્ચ અભ્યાસ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# વલસાડની કુસુમ વિદ્યાલયનું એસ.એસ.સી. નું ૧૦૦ ટકા પરિણામ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૯ :** વલસાડની કુસુમ વિદ્યાલય શાળાનું ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ માર્ચ ૨૦૨૫ માં લેવાયેલી એસએસસીની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ આવતા શાળાનું ગૌરવ વધ્યું છે.વલસાડ તિથલ રોડ પર આવેલી કુસુમ વિદ્યાલય શાળાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના માર્ચ-૨૦૨૫ એસ.એસ.સી. ની પરીક્ષામાં શાળાના દરેક વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે અને બંને માધ્યમનું શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવ્યુ છે. શાળાના અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમ એમ કુલ ૧૫૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા અને તમામ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થઈ ૧૦૦ ટકા પરિણામ શાળાએ પ્રાપ્ત કરેલ છે. જેમાં શાળાના કુલ ૩૧ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવેલ છે. એસ.એસ.સી. માં સતત ૧૪ વર્ષથી એસ.એસ.સી. ના પ્રથમ બેચ - ૨૦૧૨ થી શાળા ૧૦૦ ટકા પરિણામ મેળવી સર્વાંગી વિકાસની કેડી કંડારી રહેલ છે જે ખૂબજ ગૌરવની બાબત છે. શાળાપરિવાર અત્યંત ગૌરવની લાગણી અનુભવે છે શાળા સંચાલક મંડળ વિદ્યાર્થીઓ -વાલીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવે છે. કુસુમ વિદ્યાલય ગુજરાતી મીડીયમ માં પ્રથમ નંબરે જૈવિ મિનેષભાઈ પટેલ ૯૬.૮૩ ટકા અને૯૯. ૮૪ પર્સન્ટાઈલ સાથે A1, બીજા નંબરે ખુશી યોગેશ પટેલ અને મૈત્રી દીપકકુમાર ટંડેલ ના ૯૬.૫૦ ટકા અને પર્સન્ટાઇલ 99.77 A1, ત્રીજા નંબરે હર્ષ સ્મૃતિ દરજી ૯૬.૩૩ ટકા અને પર્સન્ટાઈલ ૯૯.૭૭ સાથે ખ૧ ચોથા નંબરે સંકલ્પ અશોકભાઈ ટીમર અને ગિરિજા ગિરીશકુમાર ટંડેલ ૯૬.૧૭ ટકા પર્સન્ટાઇલ 99.69 A 1 પાંચમા નંબરે રાશિ પ્રકાશ પટેલ અને શ્રેયા ધર્મેશ પટેલ ના ૯૫. ૬૭ ટકા પર્સન્ટાઈલ 99.55 A1 ગ્રેડ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.

# દાનહમાં કોંગ્રેસની તિરંગા યાત્રા યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા. ૧૧ :** દાદરા નગર હવેલી કોંગ્રેસ કમિટીના આયોજનમાં સશસ્ત્ર દળોના સન્માનમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ પ્રમુખ પ્રભુ ટોકિયાના નેતૃત્વમાં આ યાત્રાની શરૂઆત સિલવાસાના અથોલા સ્થિત કોંગ્રેસ કાર્યાલયથી કરી સમગ્ર શહેરમાં ફેરી કાઢવામાં આવી હતી.

તિરંગા યાત્રાનું મુખ્ય ઉદ્દેશ્ય દેશની રક્ષા માટે પોતાના જીવનું બલિદાન આપતા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવી અને તિરંગા નીચે એકતા દર્શાવવી હતો.

યાત્રા દરમિયાન દેશભક્તિની ભાવનાથી કામેલ નારા લગાવાયા હતા અને લોકોમાં ખાસ ઉમંગ જોવા મળ્યો હતો.

પ્રદેશ પ્રમુખ પ્રભુ ટોકિયાએ જણાવ્યું હતું કે, આ યાત્રા આપણા વિર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક નમ્ર પ્રયાસ છે. તિરંગો એ એકતા અને બલિદાનનું પ્રતિક છે અને એના છત્રછાયામાં આપણે સૌ એક છીએ.

આ પ્રસંગે કોંગ્રેસના કાર્યકર્તાઓ, પદાધિકારીઓ અને સ્થાનિક સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સિલવાસામાં યાત્રા દરમિયાન દેશભક્તિનો માહોલ છવાઈ ગયો હતો.

# ડુંગરાની ઝેડ એચ શાહ હાઈસ્કુલનું ધો. ૧૨ સા. પ્ર., વિ. પ્ર. ઉત્કૃષ્ટ પરિણામ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૧ :** વાપીના ડુંગરા ખાતે આવેલ શ્રીમતી ઝેડ એચ શાહ સાર્વજનિક હાઈસ્કુલ નું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ નું માર્ચ ૨૦૨૫ નું પરિણામ જાહેર થયું છે જેમાં સામાન્ય પ્રવાહમાં ૯૧ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૮૧ વિદ્યાર્થી પાસ જાહેર થયા હતા આમ શાળાનું પરિણામ ૮૯.૧ ટકા જાહેર થયું છે જેમાં પ્રથમ ક્રમે મિર્ઝા આઈશા ૮૫.૫૭ ટકા બીજા ક્રમે અહિરો દિવ્યા એન્ડ ૮૪ ટકા અને ત્રીજા ક્રમે ભાનુશાલી હેતવી ૮૦.૭૧ ટકા સાથેપાસ જાહેર થયા હતાજ્યારે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ તો ૭૧.૪૩ ટકા જાહેર થયું છે જેમાં શાળામાં કુલ ૨૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને જેમાંથી ૧૫ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા છે. જેમાં પ્રથમ ક્રમે પટેલ તૃપ્તિ ૭૭.૫ ટકા બીજા ક્રમે પાસલીયા મિસબા ૭૪.૮ ટકા અને ત્રીજા ક્રમે પટેલ ક્રિષ્ના ૭૨.૨ ટકા સાથે જાહેર થયા હતા તેમને શાળા પરિવાર તથા શિક્ષક અને આચાર્ય દ્વારા અભિનંદન અને શુભકામના આપી હતી.

# વલસાડમાં આવશ્યક ચીજવસ્તુઓનો પૂરતો પુરવઠો મળી રહે અને ભાવ નિયંત્રણમાં રહે તે માટે વહીવટીતંત્ર કાર્યરત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૧ :** સરકાર દ્વારા આપવામાં આવેલ દિશાનિર્દેશોના પગલે પ્રવર્તમાન પરિસ્થિતિમાં લોકોને આવશ્યક ચીજવસ્તુઓનો પૂરતો પુરવઠો સરળતાથી મળી રહે અને ભાવ નિયંત્રણમાં રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દ્વારા પૂરતો પ્રબંધ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે નાગરિકોને જીવન જરૂરિયાતની વસ્તુઓની સરળ ઉપલબ્ધિ અને ભાવ નિયંત્રણ માટે વિશેષ સૂચનાઓ આપી છે. ત્યારે વલસાડ જિલ્લામાં દરરોજ આવશ્યક ચીજવસ્તુઓના ભાવોનું તંત્ર દ્વારા સતત મોનિટરીંગ કરાઈ રહ્યું છે. તમામ વિક્રેતાઓ, રિટેલર્સ, પ્રોસેસર્સ, મિલર્સ અને ઈમ્પોર્ટ્સને આવશ્યક ચીજવસ્તુઓની સંગ્રહખોરી (સ્ટોકિંગ) અથવા જમાખોરી (હોલ્ડિંગ) ન કરવા અને જરૂરી કાયદાકીય નિયમોનું પાલન કરવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ કે સંસ્થા આવશ્યક ચીજવસ્તુઓના સંગ્રહ કે જમાખોરી કરશે તો આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ હેઠળ કડક કાર્યવાહી કરાશે.

વધુમાં જિલ્લામાં પેટ્રોલિયમના સ્ટોક અંગે કોઈ સમસ્યા નથી અને પેટ્રોલિયમ જથ્થાનું વિતરણ અવિરત ચાલુ રાખવા અંગે સૂચના અપાઈ છે. વહીવટીતંત્ર દ્વારા તમામ નાગરિકોને કોઈપણ પ્રકારની અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા અને રાજ્ય સરકાર તેમજ જિલ્લા વહીવટીતંત્ર પર વિશ્વાસ રાખીને સંપૂર્ણ સહકાર આપવા વલસાડ જિલ્લા કલેક્ટરની યાદીમાં જણાવાયું છે.

# વલસાડ પાલિકા શાક માર્કેટ કેસમાં હાઈકોર્ટે નોટિસ ફટકારી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ નગરપાલિકા દ્વારા સૂચિત નવા શાક માર્કેટ ના નકશામાં રસ્તાની બાજુમાં ૬૦ દુકાનોને બદલે ૪ દુકાનો ઓછી બનાવવા નો નકશો બનાવી કામ શરૂ કરવાબદલ શ્રી મોરારજી દેસાઈ શોપિંગ સેન્ટર વેપારી મંડળ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી હતી, જેના પર ગુજરાત હાઈકોર્ટે વલસાડ નગરપાલિકાને ૧૯/૬/૨૦૨૫ના રોજ હાજર રહેવાતા નોટીસ ઈશ્યુ કરી છે.

૧૯૮૧માં શ્રી મોરારજી દેસાઈ વેજીટેબલ માર્કેટ એન્ડ શોપિંગ સેન્ટરના નામથી બનેલ શાક માર્કેટ ની બિલ્ડિંગ મા રસ્તાની બાજુમાં ૬૦ દુકાનો અને અંદર ૫૨ દુકાનો હતી. બિલ્ડિંગ જર્જરિત થઈ જતા વલસાડ નગરપાલિકાએ આખી માર્કેટ તોડી પાડી જમીનદોસ્ત કરી હતી. એ પહેલાં વલસાડ નગરપાલીકા ના ચીફ ઓફિસરે હાઈકોર્ટમાં સોગંદનામું આપીને હાલના દુકાનદાર ને જેતે જગાએ દુકાન આપવાની ખાતરી આપી હતી. પરતુ નગરપાલીકાના શાસકોએ રોડ સાઈડ ૬૦ ના બદલે ૫૬ દુકાનો જ બનાવવાનુ આયોજન કરતાં શ્રી મોરારજી દેસાઈ શોપિંગ સેન્ટર વેપારીઓ મંડળના પ્રમુખ વિજય ગોયલે ફરીથી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે.

# વલસાડ સખી વન સ્ટોપ સેન્ટરે મહારષ્ટ્રની માનસિક અસ્વસ્થ મહિલાનું પતિ સાથે પુનઃમિલન કરાવ્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૧ :** મહિલા અને બાળ અધિકારીની કચેરી અંતર્ગત કાર્યરત ''સખી'' વન સ્ટોપ સેન્ટર વલસાડમાં તબીબી સહાય, કાયદાકીય સહાય, પોલીસ સહાય, કાઉન્સેલીંગ તેમજ હંગામી ધોરણે આશ્રય પ્રી-મેરેજ અને પોસ્ટ મેરેજ કાઉન્સેલીંગ જેવી વિવિધ પ્રકારની સેવાઓ પુરી પાડવામાં આવે છે.



આ સેવાઓ અંતર્ગત તા.૨૫/૦૪/૨૦૨૫ના રોજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન દ્વારા એક મહિલાને સેન્ટર પર હંગામી ધોરણે આશ્રય માટે લાવવામાં આવ્યા હતા. આશ્રિત મહિલાને હંગામી ધોરણે આશ્રય તેમજ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુ આપવામાં આવી હતી. આ મહિલા હિન્દી કે ગુજરાતી સમજતા ન હતા માત્ર મરાઠી ભાષા જ સમજી શકતા હતા. તેમનું કાઉન્સેલીંગ કરતા માલુમ પડ્યું હતું કે, તેઓ માનસિક રીતે અસ્વસ્થ છે.

ત્યારબાદ તા.૨૬-૦૪-૨૦૨૫ના રોજ આશ્રિત મહિલાને મેડિકલ ચેકઅપ Psychiatry OPD પર લઈ જવામાં આવ્યા હતા અને પ્રાથમિક સારવાર બાદ દવા શરૂ કરાવવામાં આવી હતી. મહિલા ફકત તેમનું નામ અને જીલ્લો વિક્રમગઢ જણાવી રહ્યા હતાં. તેથી વિક્રમગઢ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી આશ્રિત મહિલાનો ફોટો મોકલવામાં આવ્યો તેમજ પાલઘરના અલગ અલગ પોલીસ સ્ટેશનોનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો. તા.૨૯-૦૪-૨૦૨૫ના વિક્રમગઢ પોલીસ સ્ટેશન દ્વારા મહિલાના પરિવારનો સંપર્ક સધાયો હોવાનું જણાવાયું હતું. પરિવારનો સંપર્ક નંબર મળતા સેન્ટરના કર્મચારી દ્વારા તેમના પરિવારનો સંપર્ક કરી આશ્રિત મહિલા વિશે ફોટોગ્રાફ સહિત માહિતી મોકલવામાં આવતા તેમણે આ મહિલા તેમના પત્ની છે એમ જણાવી તરત જ તેમને લેવા માટે આવશે એમ કહ્યું હતું.

આ આશ્રિત મહિલાના પતિ તા.૨૯-૦૪-૨૦૨૫ના રોજ સાંજે ૪:૧૫ વાગ્યે સેન્ટર પર આવી પહોંચ્યા અને તેમના પત્નીને હેમખેમ જોઈ હર્ષની લાગણી અનુભવી હતી. પતિની આધાર ઓળખ બાદ આશ્રિત મહિલાનં પતિ સાથે પુનઃમિલન કરાવવામાં આવ્યું છે. મહિલાના પતિએ સેન્ટરનો આભાર વ્યક્ત કર્યો હતો અને તેમના પત્નીને રાજી ખુશીથી ઘરે લઈ ગયા હતા.

# થ્રીડીમાં કામદારોના લઘુત્તમ વેતનમાં ૧૦.૫૦ રૂપિયાનો વધારો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા. ૧૧ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ, શ્રમ અને રોજગાર વિભાગે આજે કામદારોના અધિકારો અને તેમના કામ પ્રત્યે ન્યાયીતા સુનિપ્રિત કરવાના ઉદ્દેશ્ય સાથે લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ વિશેષ ભથ્થાની જાહેરાત કરી છે. દાદરા અને દમણ દીવના શ્રમ કમિશનર સંયુક્ત સચિવ એસ. અસ્કર અલીએ એક પ્રેસ નોટ જારી કરીને દાદરા નગર હવેલી અને દમણ દીવમાં કામદારોના લઘુત્તમ વેતન દરમાં ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ દર મહિને ૧૦૦ રૂપિયાનો વધારો કરીને નવો દર નક્કી કર્યો છે. ૧૦ થી ૫૦ પૈસા. આ અંતર્ગત, હવે દમણ અને દીવના કુશળ મજૂરોને ૫૦૭.૫૦ રૂપિયા, અર્ધ-કુશળ મજૂરોને ૪૯૭.૫૦ રૂપિયા અને અકુશળ મજૂરોને ૪૮૬.૫૦ રૂપિયા પ્રતિ દિવસ ચૂકવવામાં આવશે.

# વલસાડમાં કમોસમી વરસાદના સમયે ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત તકેદારીનાં પગલા લેવા સંદેશ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૧ :** હવામાન ખાતાની આગાહી મુજબ વલસાડ જિલ્લામાં આગામી પાંચ દિવસ આકાશ વાદળછાયું રહેશે અને છૂટાછવાયા જગ્યાઓમાં હળવાથી મધ્યમ વરસાદ આવવાની સંભાવના છે. આવા સમયે કમોસમી વરસાદના સમયે ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત તકેદારીનાં પગલા લેવા ખેડુતોને નીચે મુજબ સંદેશ આપવામાં આવે છે.જો પવનની ગતિ ૧૫ કિમી પ્રતિ કલાક કરતાં વધુ હોય તો ખેતરમાં કેમિકલ જેવા કે પેસ્ટીસાઈડનો છંટકાવ ન કરવો. હવામાન ખાતાની આગાહી મુજબ ભારે પવન સાથે વાવાઝોડાને કારણે ફળ ખરી શકે છે. ઉઝરડા પડી શકે છે અથવા ફાટી શકે છે, જેનાથી ઉપજ અને બજાર મૂલ્યમાં ઘટાડો થઈ શકે છે. લણણીની નજીક વધુ પડતો વરસાદ ફળનો સડો અને પાવડરી માઈલ્ડ્યુ જેવા ફૂગના મુદ્દાઓમાં વધારો કરે છે. દવા છંટકાવ અને ખાતર આપવાની કામગીરી થોડા દિવસ પૂરતી મુલતવી રાખવી. ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે, ખેડૂતોને ખેતરની જુદા જુદા ખેતી કાર્યો કરવા નહી. ખૂબ વીજળી અને વરસાદના સમયે પશુ વૃક્ષ નીચે બાંધવા નહીં. ખેતરના સેઢા, પાળા અને વરસાદના પાણીની નિકાલની ગટરોને સાફ કરી આગામી ચોમાસા માટે તૈયાર કરવી. વધુ ઝડપી પવન અને ભારે વરસાદની સામે રક્ષણ માટે ઊભા બાગાયતી અને શાકભાજી પાકોની જાળવણી માટે લાકડાના અથવા વાંસ વડે યાંત્રિક ટેકા આપવો.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક(તા.મુ.) અને જિલ્લા ખેતીવાડી અધિકારી, નો સંપર્ક કરવો.

# વલસાડમાં ૨૧ મે સુધી સભા-સરઘસ ઉપર પ્રતિબંધ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ જિલ્લામાં હાલ વેકેશન હોય હરવા ફરવાના સ્થળોએ વધુ ભીડ થતી હોવાથી વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. જે અંગે ઈન્ચાર્જ જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ એ. કે. કલસરીયાએ ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મળેલી સત્તાની રૂએ વલસાડ જિલ્લામાં તા. ૨૧ મે ૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવુ નહી કે દેખાવ નહી કરવા જણાવ્યું છે.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસટી બસ-રેલવેમાં મુસાફરી કરવા માંગતા લોકોને, સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિને તથા સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાનોને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ - ૨૨૩ અનુસાર સજાને પાત્ર થશે. જે માટે વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.



# આતંક સામે સંયમ નહીં, સજા જ હોય

**અમેરિકા અને યુરોપના દેશો આતંકવાદનો વિરોધ કરે છે. પહેલગામમાં નિર્દોષ નાગરિકોના જાન ગયા તે બદલ દુઃખ અને સહાનુભૂતિ વ્યક્ત કરે છે - પણ તેથી શું ? પહેલાં ખુદ વડા-ધાન મોદીએ વારંવાર ચેતવણી આપી. એક પછી એકર્ીઅહિંસક આક્રમક પગલાં જાહેર કર્યાં અને વિશ્વના લગભગ તમામ દેશોના એલચીઓનો સંપર્ક સાધીને પરિસ્થિતિથી વાકેફ કર્યા - ત્યારે પણ અમેરિકાને સૂઝ્યું નહીં કે પાકિસ્તાન ઉપર દબાણ કરે - આતંકીઓને ભારતના હવાલે કરે ? નાપાક હુમલા નહીં કરવા તાકીદ કરે ?**

**વિશ્લેષણ**

**કુન્દન વ્યાસ**

પાકિસ્તાને આપણા શહેરી વિસ્તારો અને લશ્કરી મથકો ઉપર હુમલા કરવાના નિષ્ફળ પ્રયાસ કરીને ભારત સામે જંગે ચડવાનું દુઃસાહસ કર્યું તેનો જવાબ ભારતે આપ્યો છે - આપવાની શરૂઆત કરી છે, ત્યારે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રૂબિયો અને યુરોપિયન યુનિયનના ઉચ્ચ અધિકારીએ ભારત અને પાકિસ્તાનને યુદ્ધ વિસ્તરે નહીં તે માટે પગલાં ભરવાનો અનુરોધ કર્યો છે, પણ ભારતે જવાબ આપ્યો છે કે પાકિસ્તાન જો લશ્કરી મથકો ઉપર હુમલા કરે તો અમારો જવાબ ખૂબ, ખૂબ મક્કમ હશે. આતંક સામે સંયમ નહીં, સજા હોય. અમેરિકા અને યુરોપના દેશો આતંકવાદનો વિરોધ કરે છે. પહેલગામમાં નિર્દોષ નાગરિકોના જાન ગયા તે બદલ દુઃખ અને સહાનુભૂતિ વ્યક્ત કરે છે - પણ તેથી શું ? મૂળ તો પહેલગામના હુમલાનો બદલો લેવા માટે ભારતે પાકિસ્તાનના ખોળે બેઠેલા અને ખભા ઉપર ચડેલા આતંકીઓના અડ્ડાઓ ઉપર હુમલા કરીને પચીસ મિનિટમાં આતંકવાદીઓનો સફાયો કર્યો. આમ કરવા પહેલાં ખુદ વડાપ્રધાન મોદીએ વારંવાર ચેતવણી આપી. એક પછી એક અહિંસક આક્રમક પગલાં જાહેર કર્યાં અને વિશ્વના લગભગ તમામ દેશોના એલચીઓનો સંપર્ક સાધીને પરિસ્થિતિથી વાકેફ કર્યા - ત્યારે પણ અમેરિકાને સૂઝ્યું નહીં કે પાકિસ્તાન ઉપર દબાણ કરે - આતંકીઓને ભારતના હવાલે કરે ? નાપાક હુમલા નહીં કરવા તાકીદ કરે ? અને ભારતે આતંકીઓ ઉપર હુમલો કર્યા પછી પણ વિદેશી નેતાઓને પુરાવા બતાવ્યા. નાગરિકો ઉપર કે કોઈ ધર્મસ્થાનો ઉપર હુમલા થયા નથી - હકીકતમાં આતંકીઓના કફન ઉપર પાકિસ્તાની ઝંડા લપેટવામાં આવ્યા અને જનાજામાં નાપાક સૈનિકો જોડાયા. આતંકીઓ શહીદ બન્યા. આ પુરાવા નથી ? અમેરિકા ભૂલી જાય છે કે, ઓસામા બિન લાદેનને પાકિસ્તાનમાં ઘૂસીને ઠાર માર્યો - તો ભારત દુશ્મનોનો સફાયો કરે તેમાં ખોટું શું છે ? અમેરિકા કરે તે સ્વબચાવ અને આપણે કરીએ તે આક્રમણ ? અમેરિકાના વિદેશ પ્રધાને લડાઈ આગળ નહીં વધારવાની સલાહ બંને દેશોને આપી છે અને ભારત-પાકિસ્તાન વચ્ચે સંવાદ શરૂ કરાવવા માટે મદદ કરવાની ઓફર કરી છે. ભારત સાથે મળીને આતંકવાદ વિરોધી લડત કરવાની વાત કરે છે ! પણ હવે ઘણું મોડું થઈ ગયું છે. ભારત ઉપર અનેક વખત હુમલા થયા - સ્વામિનારાયણ - અક્ષરધામ મંદિરથી લઈને ભારતની લોકશાહીના મંદિર - સંસદ ભવન ઉપર પણ આક્રમણ થયું - છતાં ભારતે સંયમ જાળવ્યો તે નબળાઈ હતી ?! યુરોપના ૨૭ સભ્યદેશોના યુનિયનના ઉચ્ચ પ્રતિનિધિ આતંકવાદનો સખત વિરોધ કરે છે, પણ જે જવાબદાર હોય તેને સજા થવી જોઈએ એમ પણ કહે છે ત્યારે પાકિસ્તાનની ચોરી ઉપર સીનાજોરી કેમ ચલાવી લેવાય ? હવે શસ્ત્રાગારમાંથી મિસાઈલ્સ છૂટયા, ડ્રોન ઊડયાં પછી સંયમની સલાહ અપાય છે ! આ સલાહ - દબાણ પાકિસ્તાનના જનરલ મુનીર ઉપર કરવું જોઈએ. ભારતે વારંવાર સ્પષ્ટતા કરી કે અમે આતંકીઓને ખતમ કરીએ છીએ. પાકિસ્તાની નાગરિકો ઉપર અથવા લશ્કરી મથકો ઉપર હુમલા નથી. આમ છતાં આપણા શહેરો અને મથકો ઉપર મિસાઈલ્સ છોડીને એમણે પોતાનું નાક કપાવ્યું છે. ભારતને જાણે આમંત્રણ આપ્યું કે આવો અમારા ઉપર આક્રમણ કરો ! અને તે પછી ભારતે પાકિસ્તાની એર ડિફેન્સ સિસ્ટમ ભેદીને હુમલા કર્યા છે. હજુ પણ જો પાકિસ્તાની જનરલને ખુજલી હોય તો તૈયાર રહે ! જનરલ મુનીરે ભારતને છેડીને મધપૂડો છંછેડયો તેનું કારણ છે ઘરઆંગણે જનરલની હાંસી ઊડી રહી છે. આતંકવાદી અડ્ડા ખેદાનમેદાન કરીને આપણે અંગૂઠો બતાવ્યો છે, તેથી રહીસહી તાકાત અને ટાંગ ઊંચી બતાવવાના પ્રયાસ છે ! પાકિસ્તાનમાં નાક નહીં તો હાક વાગે છે એમ લોકોને બતાવવા સેનાને બલિનો બકરો બનાવી રહ્યા છે. અત્યારે વિશ્વમાં અશાંતિ અને અજંપો છે. ઈઝરાયલ સ્વબચાવ માટે લડે છે. યુક્રેન તેની હયાતિ - અસ્તિત્વની આઝાદી માટે લડે છે. સત્તાવાર આતંક સામેની આ લડાઈ ગણાય કે નહીં ? છતાં યુદ્ધવિરામ થાય છે અને ભંગ પણ થાય છે. ભારતે સ્વદેશી વિદેશનીતિ અપનાવી છે, ત્યારે આતંકવાદ સામેની લડાઈ આપણે સ્વબળ ઉપર લડી રહ્યા છીએ. સહાનુભૂતિ સૌ બતાવે છે, સલાહ-ભાષણો આપે છે, પણ આતંકવાદ સામે લડવા કોણ તૈયાર છે ? હવે યુરોપમાં પણ પડછાયા લાંબા થઈ રહ્યા છે ત્યારે આતંકના જન્મસ્થાન અને તેને પોષતા દેશ પાકિસ્તાનને સલાહ નહીં, સજા આપવાની જરૂર છે. અણુબોમ્બની ધમકીથી ભારતને ડરાવી નહીં શકાય. ભારતે હવે બીજા લોકો શું કહેશે ? તેવી ચિંતા કરવાની જરૂર નથી. પાકિસ્તાનને આતંકવાદી દેશ કહેવા, કબૂલવા ઘણા મિત્રદેશો હજુ તૈયાર નથી, એમના માટે હવે આપણે માન-આદર રાખવાની જરૂર નથી અને આપણે આતંક સામે ભરેલાં પગલાંથી કોણ રાજી કે નારાજ હોય તેની પરવા કરવી જરૂરી નથી. અમેરિકા સંયમ રાખવાની સલાહ આપીને ન્યાયાધીશ બનવા માગે છે. સામાન્ય રીતે યુદ્ધ આગળ વધે અને પાકિસ્તાનના દિવસો ભરાઈ જાય ત્યારે યુદ્ધવિરામની અને સમાધાનની વાત શરૂ થાય, પણ ભારત મક્કમ છે. નેહરુનો ઈતિહાસ અને ઐતિહાસિક ભૂલનું પુનરાવર્તન મોદી કરે જ નહીં. નેહરુની ભૂલનાં કારણે કાશ્મીરનો વિસ્તાર આજે પાકિસ્તાનના કબજામાં છે. ૧૯૬૫માં ભારતનો વિજય અને હાથ ઉપર હોવા છતાં સમાધાન કરવા સોવિયેત રશિયાએ દબાણ કર્યું અને તાશ્કંદમાં આપણે ભારતના લાલ ગુમાવ્યા. શક્ય છે કે - પાકિસ્તાન ઉપર યુદ્ધવિરામ માટે જ માગણી ઊઠે અને દબાણ થાય. હવે સમજૂતી અને સમાધાન નહીં, પાકિસ્તાનની શરણાગતિ - એક જ વિકલ્પ છે. આતંકવાદીઓ ભારતના હવાલે કરો ન્યાય અમે કરીશું - ખુલ્લી અદાલતમાં. આ લડાઈ કાશ્મીરનાં નામે નથી, આતંકની સામે છે.

# ઉત્પીડન મામલે પુરુષોને કેમ અવગણવામાં આવે છે ?

**પુરુષોના જાતીય ઉત્પીડનને ગંભીર ગુનો તરીકે સ્વીકારવું અને તેની ફરિયાદોને સાંભળવું એ ન્યાયી સમાજની દિશામાં મહત્વનું પગલું હશે**



**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન સાથે જેલમાં થયેલા કથિત જાતીય ઉત્પીડનના સમાચારે તાજેતરમાં સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા જગાવી. ઈન્સ્ટાગ્રામ અને અન્ય પ્લેટફોર્મ્સ પર આ મુદ્દે ફની મીમ્સ વાયરલ થયા, જે દર્શાવે છે કે આ ઘટનાને ગંભીરતાથી લેવાને બદલે હળવાશથી લેવામાં આવી. મીડિયામાં પણ આ સમાચારને ખાસ મહત્વ ન અપાયું, ખાસ કરીને ભારતમાં, જ્યાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને ભારત-પાકિસ્તાન સંબંધોમાં વધતા તણાવને કારણે આ મુદ્દો હાંસિયામાં ધકેલાઈ ગયો. ઠીક છે. આપણા દુશ્મન દેશ પ્રત્યે, આવા તણાવની સ્થિતિમાં આપણે કોઈ સહાનુભૂતિ ન દર્શાવીએ ! જરૂર પણ નથી હાલમાં એવી કોઈ પણ ખોટી સહાનુભૂતિની. પરંતુ આપણે આને ઈમરાન ખાનના સંદર્ભે નહીં સમજીએ અને પુરુષોના સંદર્ભે સમજીએ તો આ ઘટના એક મહત્વનો પ્રશ્ન ઉભો કરે છે. કે શા માટે પુરુષો સાથે થતા જાતીય ઉત્પીડનના કિસ્સાઓને સમાજમાં ગંભીરતાથી લેવામાં આવતા નથી? બળાત્કાર અને જાતીય ઉત્પીડન, પછી તે સ્ત્રી હોય કે પુરુષ, એક ગંભીર ગુનો છે, પરંતુ પુરુષોના કિસ્સાઓ ઘણીવાર અવગણાય છે અથવા તેની મજાક ઉડાવવામાં આવે છે. ભારતમાં આ સમસ્યાનું સ્વરૂપ અને તેની અવગણનાના કારણોની ચર્ચા કરવી જરૂરી છે.

જાતીય ઉત્પીડનની વાત આવે ત્યારે સમાજમાં એક લૈંગિક પૂર્વગ્રહ પ્રવર્તે છે, જે માને છે કે પુરુષો આવા ગુનાનો ભોગ બની શકે નહીં. આ પૂર્વગ્રહનું મૂળ સામાજિક રૂઢિઓમાં રહેલું છે, જે પુરુષોને શક્તિશાળી અને અજેય તરીકે દર્શાવે છે. આવી માનસિકતા પુરુષોને તેમના ઉત્પીડનની ફરિયાદ કરવામાં અચકાવે છે, કારણ કે તેમને ડર હોય છે કે તેમની મજાક ઉડાવવામાં આવશે અથવા તેમની પુરુષત્વ પર સવાલ ઉઠાવવામાં આવશે. ભારતમાં, નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)ના આંકડા મુજબ, જાતીય ઉત્પીડનના મોટાભાગના કેસ સ્ત્રીઓ સાથે જોડાયેલા હોય છે, પરંતુ પુરુષો સાથેના કેસનો ડેટા નોંધપાત્ર રીતે ઓછો દર્શાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૨માં ફક્ત્એ ૩૧,૫૧૬ બળાત્કારના કેસ નોંધ્યા, જેમાં મોટાભાગના પીડિતો સ્ત્રીઓ હતી, પરંતુ પુરુષો સાથેના કેસની સંખ્યા નહિવત હતી. આનું કારણ એ નથી કે પુરુષો સાથે ઉત્પીડન થતું નથી, પરંતુ તેની નોંધણી ઓછી થાય છે. એક અભ્યાસ મુજબ, ભારતમાં ૨૫ ટકા પુરુષો જાતીય શોષણનો ભોગ બને છે, પરંતુ માત્ર ૨-૩ કેસમાં જ ફરિયાદ નોંધાય છે. આ આંકડા દર્શાવે છે કે પુરુષોના જાતીય ઉત્પીડનના કેસ અન્ડર-રિપોર્ટેડ છે, જે સામાજિક કલંક અને કાનૂની મર્યાદાઓને કારણે છે.

ભારતનું કાનૂની માળખું પણ પુરુષોના જાતીય ઉત્પીડનને ગંભીરતાથી લેવામાં નબળું પડે છે. ૨૦૨૩માં ભારતીય દંડ સંહિતા (IPC)ને બદલે નવી ભારતીય ન્યાય સંહિતા (BNS) લાગુ કરવામાં આવી, જે જાતીય ગુનાઓને વ્યાખ્યાયિત કરે છે. જોકે, BNSની કલમ ૬૩થી ૭૩ સુધીની જોગવાઈઓ, જે જાતીય ઉત્પીડન અને બળાત્કારને આવરે છે, તે મુખ્યત્વે સ્ત્રીઓ પર થતા ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પુરુષો સાથે થતા જાતીય શોષણને ઞફ્લની કલમ ૩૭૭ના સમકક્ષ જોગવાઈ હેઠળ ગેરકાયદેસર જાતીય કૃત્યો તરીકે ગણવામાં આવે છે, પરંતુ આ જોગવાઈનો ઉપયોગ પુરુષોના શોષણના કેસમાં ભાગ્યે જ થાય છે, કારણ કે તેનું ફોકસ બિન-સંમતિપૂર્ણ સમલૈંગિક સંબંધો પર વધુ રહે છે. આ ઉપરાંત, પોલીસ અને સમાજની માનસિકતા પુરુષોની ફરિયાદોને ગંભીરતાથી લેતી નથી, જેના કારણે પીડિતો ચૂપ રહેવાનું પસંદ કરે છે. સોશિયલ મીડિયા પર ઈમરાન ખાનના કેસની મજાક ઉડાવવી એ પણ આ જ સમસ્યાનું પ્રતિબિંબ છે, જે દર્શાવે છે કે પુરુષોના ઉત્પીડનને હળવાશથી લેવાની વૃત્તિ વ્યાપક છે. ભારતમાં પુરુષો સાથે જાતીય ઉત્પીડનના કેસ ઘણીવાર જેલ, શાળા, કાર્યસ્થળ કે ઘરેલું પરિસ્થિતિમાં જોવા મળે છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૫માં ચેન્નાઈમાં એક ટેક ઉદ્યોગસાહસિકે તેની પત્ની અને પોલીસ પર હેરાનગતિનો આરોપ લગાવ્યો, જેમાં જાતીય શોષણનો પણ સમાવેશ થતો હતો. આવા કેસ દર્શાવે છે કે પુરુષો પણ શોષણનો ભોગ બની શકે છે, પરંતુ સમાજની ઉદાસીનતા અને કાનૂની અડચણોને કારણે ન્યાય મેળવવો મુશ્કેલ બને છે. આ સમસ્યાને ઉકેલવા માટે જાગૃતિ, કાનૂની સુધારા અને સામાજિક માનસિકતામાં પરિવર્તન જરૂરી છે. પુરુષોના જાતીય ઉત્પીડનને ગંભીર ગુનો તરીકે સ્વીકારવું અને તેની ફરિયાદોને સાંભળવું એ ન્યાયી સમાજની દિશામાં મહત્વનું પગલું હશે.

# યુદ્ધનો તો વિરામ થયો પણ આપણે સતર્ક રહીશું ને ?

**ભારત શાંતિપ્રિય ધાર્મિક દેશ છે પણ અહિંસાના નામે નપુંસક નથી. યુદ્ધ વિરામ થયો છે પણ અશ્વસ્થામા હત એવી એક અફવાથી દ્રોણાચાર્ય જેવા શક્તિશાળી યોદ્ધા પણ સંભ્રમિત થઈ શકે તો આપણે સામાન્ય વ્યક્તિઓ કેમ ન છેતરાઈએ? તેથી અફવાથી સતર્ક રહીએ અને આપણા સૈનિકો પ્રત્યે કૃતજ્ઞ બનીએ. કારણ કે ભારતીય નેતૃત્વની સાથે સાથે બોર્ડર પર લડનારો આપણો સામાન્ય સૈનિક પણ આ યશનો અધિકારી છે**



**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**યુદ્ધસ્ય વાર્તા રમ્યા ।** અર્થાત્ યુદ્ધની વાતો સુંદર લાગે છે. આમ પણ ઝઘડા જોવાનો માણસ સહજ સ્વભાવ છે. જો કોઈ ઝઘડો જોતું ના હોય તો ઝઘડા કરનારને પણ મજા આવતી નથી. તો બે દેશો વચ્ચે યુદ્ધ થતું હોય તો તેની કથા સુંદર જ લાગે ને ? આપણે તો કૃષ્ણ અને બુદ્ધના વારસ, ક્યારે યુદ્ધ ટાળવું અને ક્યારે યુદ્ધ કરવું - આ બંને બાબતો માટે મહાભારતમાંથી આપણને ચોક્કસ માર્ગદર્શન મળી રહે. શાંતિ શત્રુને ક્ષમા કરવાથી જ પ્રાપ્ત થાય છે એવું કહેનાર શ્રીકૃષ્ણ ક્ષત્રિય માટે યુદ્ધથી શ્રેષ્ઠ બીજો કોઈ ધર્મ નથી - એવું પણ કહે છે.

મહાભારતને જોતા યુદ્ધને ટાળવા માટેના કૃષ્ણના પ્રયત્નો અને જ્યારે યુદ્ધ અનિવાર્ય થઈ જાય ત્યારે અર્જુનનો ઉત્સાહ વધારવા માટેના કૃષ્ણના પ્રયત્નો પણ આજે આપણને માર્ગદર્શક છે. મહાભારતમાંથી જ માર્ગદર્શન લઈને કદાચ આ વખતે ભારતે પાકિસ્તાનને ૨૨ એપ્રિલના પહેલગામ હમલાનો વળતો જવાબ યુદ્ધના નાના ડેમોસ્ટ્રેશનથી આપ્યો છે. ‘ચમત્કાર વગર નમસ્કાર નહીં,’ એ લોકવાયકાને અનુસરીને જ ભારતે આ વખતે હુંકાર ભરી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ૧૯૪૭ના વિભાજનથી જ તણાવભર્યા રહ્યા છે. આજ સુધી ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૪૭, ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯ના યુદ્ધો થયા છે. હવે ૨૦૨૫નો પણ એમાં સમાવેશ થશે.

જોકે તણખલાને તારો ગણીને પાકિસ્તાને પાછા વળવાનો નિર્ણય કર્યો તે ખરેખર પાકિસ્તાન માટે તો હિતાવહ છે જ પણ આપણે માટે પણ તે નુકસાનકારક તો છે નહીં ! ભારતે પાકિસ્તાનને દેખાડેલી લાલ આંખને કારણે આપણામાં રાષ્ટ્રીય એકતા અને દેશભક્તિ વધી છે, આપણી સેનાની શક્તિનો પાકિસ્તાન સહિત વિશ્વને પરિચય થયો છે. આત્મરક્ષા માટે આપણે કરેલા યુદ્ધને સમગ્ર વિશ્વનું સમર્થન મળ્યું છે, જેથી સમગ્ર વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા વધી છે. શિયાળ તાણે સીમ ભણી અને કૂતરું તાણે ગામ ભણી એવા પરસ્પર વિરોધી રાજકીયદળોમાં દેશહિત માટે ઐક્ય ઊભું થયું છે. અનેક ધર્મ અને સંપ્રદાયો હોવા છતાં ભારતીય પ્રજાની એકતા અને અખંડિતતાનો પરિચય વિશ્વને મળ્યો છે. એ સાથે જ મહિલાઓની શક્તિ, સમજ અને યુદ્ધકુશળતાનો પરિચય (સોફિયા કુરેશી અને વિયોમિકા સિંઘ) પણ વિશ્વને થયો છે. આમ, પાકિસ્તાન સામે કરેલા આપણા આ વળતા પ્રહારે ભારતની અખંડિત એકતાનું સ્વરૂપ વિશ્વને દેખાડ્યું. આવા તો અનેકાનેક ફાયદાઓ આપણને પાકિસ્તાન સામે આંખ દેખાડવાથી થયા છે.

કેટલાંક નિર્દોષ થયેલ નુકસાન, યુદ્ધના ભણકારાને કારણે છેલ્લાં કેટલાંક દિવસોમાં થયેલું આર્થિક નુકસાન જેવા અંશતઃ નુકસાનો આપણને પણ થયા છે પણ પાકિસ્તાનને વિશ્વ સમક્ષ ખુલ્લું પાડીને આપણે વિશ્વને સત્યનો પરિચય કરાવ્યો કે ધર્મ ક્યારેય હિંસાનું સમર્થન કરતો નથી. ભારત શાંતિપ્રિય ધાર્મિક દેશ છે પણ અહિંસાના નામે નપુંસક નથી. આ બધા ફાયદા-ગેરફાયદા જોઈને જ પાકિસ્તાનને પીછે હટ કરી લીધી છે, છતાં પણ સાપને દૂધ પીવડાવીને આપણે જ તો ઉછેર્યો છે, તેને એટલો સહજ કે સરળ માની લેવાની જરૂર ખરી ? કૂતરાની પૂંછડી ઈતિહાસમાં કે ભવિષ્યમાં પણ સીધી થાય એવું શક્ય ખરું ? તો પાકિસ્તાન જેવો દેશ એટલી સરળતાથી પોતાના સ્વભાવગત લક્ષણોને છોડી દેશે એવું બને ખરું ? જો આપણને એવું લાગતું હોય કે પાકિસ્તાન બદલાઈ જશે એનું હૃદય પરિવર્તન થઈ જશે તો સૌથી વધારે ફાયદો આપણને નહીં સ્વયં પાકિસ્તાનને જ થશે પણ એ ક્યારેય શક્ય નથી. આથી જ યુદ્ધવિરામના સંદેશથી આપણે ભારતીય નાગરિક તરીકે આનંદિત થવાની સાથે સતર્ક રહેવાની જરૂર છે. અશ્વસ્થામા હતક્ષ એવી એક અફવાથી દ્રોણાચાર્ય જેવા શક્તિશાળી યોદ્ધા પણ સંભ્રમિત થઈ શકતા હોય તો આપણે સામાન્ય વ્યક્તિઓ કેમ ન છેતરાઈએ? તે જમાનામાં અફવા ફેલાવવામાં આજ કરતા વધારે વાર લાગતી પણ અફવાને કારણે નુકસાન તો ત્યારે પણ એટલું જ થતું અને આજે પણ એટલું જ થઈ શકે છે. આજે આપણી પાસે અફવા ફેલાવવા માટે બહુ સશક્ત સાધન છે સોશિયલ મીડિયા તેમજ એઆઈ. આ ટેકનોલોજીને કારણે નહીં બનેલી ઘટનાના પણ વિડિયો ઓડિયો બની શકે. જેથી કોઈપણ વ્યક્તિ ખોટાથી ભ્રમિત થઈ શકે છે. એટલે જ આપણે કાળજી રાખીને અફવા માટે સાવચેત રહેવું.

એક તરફ અફવાના બજારથી દૂર રહીએ, બીજી તરફ યુદ્ધવિરામ પછી આપણે આપણા સૈનિકોની યશગાથાને વર્ણવીએ પણ એ યશગાથાને વર્ણવતા કંઈક અજુગતું, કંઈક અયોગ્ય એવું આપણે ન ફેલાવીએ જેથી આપણને પોતાને અને આપણા દેશને કોઈ નુકસાન થઈ શકે. યુદ્ધ પછી સૈનિકોની યશગાથા વર્ણવવી એ આપણી પરંપરા છે, એ સૈનિકો પ્રત્યેની કૃતજ્ઞતા છે. તેથી આપણે જેટલી વાહ વાહ ભારતીય નેતૃત્વની કરીશું એનાથી સહેજ પણ ઓછી વાહ વાહ કે મહિમામંડનનો અધિકારી બોર્ડર પર લડનારો આપણો સામાન્ય સૈનિક પણ છે.


**દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટની મુલાકાત લો.**

**www.damangangatimes.com**

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

# ધરમપુર કેરી માર્કેટમાં કેરીની આવકમાં વધારો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૧ :** ગત અઠવાડિયા અચાનક વાતાવરણને પલટો લેતા પવનના સુસ્વાટા સાથે વરસાદ વરસતા ધરમપુર તાલુકા વિસ્તારની આંબાડીમાં મહદંશે કેરી ખરી પડી હતી. વર્ષમાં એક વખત કેરીના પાક થી વધુ વળતર મળે જે ખેડૂતોની આશા પર પાણી ફરી વળ્યુ હતું. આંબાવાડીમાં કેરીના પાકનું નુકસાન થતાં નીચે પડી ગયેલ કેરીના ભાવ માત્ર ૩૦૦ થી ૪૦૦ રૂપિયા રહ્યો હતો જેને લઈ ખેડૂતોને ભારે નુકસાન થવા પામ્યું હતું. તે ઉપરાંત વેપારીઓ અગાઉથી જ રાખવામાં આવેલ વાડીની કેરી ખરી પડતા માથે હાથ ધરવાનો વારો આવ્યો હતો. જોકે હવે રહી સહી કેરી ખેડૂતો બેડીને ધરમપુર માર્કેટમાં લઈ આવતા કેરી માર્કેટમાં આવકમાં વધારો થઈ રહ્યો છે હાલે કેરીના ભાવ તરફ એક નજર કરતા કેસર ૧૨૦૦ થી ૧૭૦૦, હાફૂસ ૧૫૦૦ થી ૧૬૦૦, રાજાપુરી ૮૦૦ થી ૧૦૦૦, દશેરી ૧૦૦૦ થી ૧૫૦૦, લંગડો ૧,૦૦૦ થી ૧,૪૦૦, ટોટાપુરી ૪૦૦ થી ૫૦૦ અને દેશી ૨૦૦ થી ૩૦૦ રૂપિયા મણ દીઠ ભાવ બોલાઈ રહ્યા છે વધુમાં ધરમપુર વિસ્તારમાં ઘણી આંબાવાડીમાં કાચો માલ હોવાથી કેરી બેડવાની બાકી હોવાના કારણે ૧૦ જૂનની આસપાસ માર્કેટ ધમધમતું રહેશેની વેપારી મિત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થવા પામી હતી.

દીકરીના ધો.૧૦માં ૯૨.૧૭ ટકા આવતા

# વલસાડમાં રક્તદાન કરી ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૧ :** એન. આર. રાઉત સાર્વજનિક માધ્યમિક શાળાના આચાર્ય વિનોદ કુમાર રાઉતની દીકરી ગ્રેસી વિનોદ કુમાર રાઉતે ધોરણ ૧૦ શેઠ આર. જે.જે સ્કૂલ વલસાડ ઈંગ્લિશ મીડિયમમાં ૯૨.૧૭ ટકા મેળવવાથી પરિવાર માં ખુબ જ ખુશી ફરી વળી હતી વિનોદ કુમારે પોતાના પરિવાર સાથે વલસાડ રકતદાન કેન્દ્રમાં જઈ રકતદાન કરી અનોખી રીતે ઉજવણી કરી છે. ખાસ કરીને વિનોદભાઈ રકતદાનની સેવાકીય પ્રવૃત્તિ માં હરહંમેશ અગ્રેસર રહે છે ત્યારે પુત્રી ગ્રેસી ના ઈંગ્લીશ મીડીયમ માં ૯૨.૧૭ ટકા પ્રાપ્ત થવાથી વધુ આનંદ ઉલ્લાસ પરિવારમાં જોવા મળ્યો હતો આ પ્રસંગે રકતદાન કરી ૩ માનવ જિંદગી માટે જીવનદીપ બની સમાજને નવો રાહ ચિંધ્યો છે.

# બારોલીયાની શ્રી રામેશ્વર મા. શાળાનું ધો.૧૦ પરિણામ જાહેર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૧ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ એસએસસી ધોરણ ૧૦નું પરીક્ષાનું પરિણામ જાહેર થતાં શ્રી રામેશ્વર માધ્યમિક શાળા બારોલીયા શાળાનું ૪૧.૧૮ ટકા પરિણામ જાહેર થતાં શાળામાં જીયાબેન ધુમાડા એ ૭૨.૬૭ ટકા પ્રાપ્ત કરી પ્રથમ ક્રમાંકે તેમ જ ખુશી પટેલે ૭૨.૩૩ ટકા પ્રાપ્ત કરી બીજો ક્રમ મેળવ્યો હતો.

# સીદુંબરમાં ઘર ધરાશયી થતાં ધારાસભ્યએ મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૧ :** ગત કાલે બપોર ના ત્રણેક વાગ્યાના સુમારે વાતાવરણને અચાનક પલટો લેતા વાવાઝોડા સાથે વીજળીના કડાકા સાથે વરસાદનું આગમન થતા ધરમપુરના મોટાભાગના ગામડાઓમાં વૃક્ષો ધરાશયી થયા હતા તેમ જ આંબાવાડીમાં કેરીના પાકને મોટું નુકસાન થતાં ખેડૂતો ઉપર આભ તૂટી પડ્યુ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી વરસાદના કારણે સિદુંબરના ભટાડી ફળીયાના રહેણાંક છનાભાઈ પાડવીનું ઘર ધરાશયી થતા તેમના ઘરવખરી નું સામાન સહિત અન્ય ચીજ વસ્તુઓને નુકસાન થતાં પરિવારજનો ઉપર ભારે આપત્તિ આવી પડી હતી. જે ઘટના અંગે ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ ને જાણ થતા જેઓ સિદુંબર પહોંચી પરિવારજનોને યોગ્ય વળતર આપવા તાલુકા પંચાયત કચેરી થી આવેલા અધિકારીને આ બાબતે યોગ્ય કરવા જણાવ્યું હતું તે ઉપરાંત ધરમપુર તાલુકા વિસ્તારમાં કેરી, પરવર, ટીંડોળા તેમજ અન્ય શાકભાજીને નુકસાન થયેલ જે બાબતે સરકારને રજૂઆત કરી આ વિસ્તારના ગરીબ આદિવાસીઓને યોગ્ય વળતર મળે એ રીતે ભલામણ કરવા અંગેની ધારાસભ્યએ વાત કરી હતી. ઘટના સ્થળે ગામના સરપંચ ભરતભાઈ પટેલ, પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના અધિકારી તેમજ આજુબાજુના આગેવાનો એકત્રિત થયા હતાં.

પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયાએ

# અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૧ :** ગૂજરાત વિદ્યાપીઠ ના ટ્રસ્ટી અને જન શિક્ષણ સંસ્થા અંભેટીના ચેરમેનશ્રી પદ્મશ્રી ગફૂરભાઈ બીલાખીયા એ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ની મુલાકાત લઈ કેન્દ્ર ખાતે આયોજીત પ્રાકૃતિક ખેતી તાલીમ દરમ્યાન વલસાડ જીલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા તાલીમાર્થી ભાઈઓ બહેનોને સંબોધિત કર્યા. તેમના દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ગૌશાળા નિદર્શન એકમ ખાતે શુધ્ધ ઓલાદની દેશી ગીર ગાયો લાવવા માટે રૂ.૫,૦૦,૦૦૦/- ( પાંચ લાખ)નુ માતબર દાન આપવામાં આવ્યું. કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓથી સંતોષ વ્યક્ત કર્યો અને ખાસ કરીને પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોને તેમની ખેત પેદાશના વેચાણ અર્થે વ્યવસ્થા ગોઠવવા તથા પોષણક્ષમ ભાવો કેવી રીતે મળી શકે તે બાબતે ભાર મૂક્યો હતો. કેન્દ્ર ખાતે માળખાગત સુવિધાઓની સુધારણા બાબતે પણ તેમણે ભાર મૂક્યો હતો.

# ધરમપુર ઓટો રીક્ષા એસો.નાં પ્રમુખ તરીકે રમીઝ શેખની વરણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૧ :** ધરમપુરમા રીક્ષા ચાલકોએ ધરમપુર તાલુકા ઓટો રીક્ષા એસોસિએશનની રચના કરી આસુરાના રમીઝ શેખની સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી કરી હતી. પ્રકાશ ઢીમ્મર ઉપપ્રમુખ, ઈમરાન બાકત્યાન મંત્રી, લુમાન શેખ ખજાચી અને ઉમેશ આહીરની મહામંત્રી તરીકે વરણી કરાઈ હતી. જેથી રીક્ષા ચાલકોના હિત માટે ધરમપુરના આશરે ૨૦૦થી વધુ રીક્ષા ચાલકોએ ભેગા થઈ ચર્ચાને અંતે એસોસિએશનની રચના કરી સંગઠન બનાવી હોદ્દેદારો બનાવ્યા છે. અને આ એસોસિએશનનું સંબંધિત કચેરીમાં રજિસ્ટ્રેશન કરાવી નગરના એસ.ટી.ડેપો, સ્ટેટ હોસ્પિટલ, આસુરા ઝાંપા, હાથીખાના, શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ તથા વનરાજ કોલેજ સહિતના વિસ્તારમાં તંત્ર સ્ટેન્ડ માટે જગ્યા ફાળવવા બાબતે હજુ વાત કરાશે.

# કપરાડા વિધાનસભામાં રૂા. ૨.૧૪ કરોડની સિંચાઈ યોજનાનાં ખાતમુહૂર્ત કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નાનાપોંઢા, તા.૧૧ :** વલસાડ જિલ્લાના કપરાડા વિધાનસભા વિસ્તારમાં આવેલા નળીમધની અને કોઠાર ગામોમાં ખેડૂતો માટે વિશેષ લાભદાયી એવી ઉદ્વહન સિંચાઈ યોજના (લિફ્ટ ઈરીગેશન યોજના) નું ખાતમુહૂર્ત આજ રોજ કરવામાં આવ્યું. આ યોજના માટે કુલ રૂપિયા ૨.૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

યોજનાનું ખાતમુહૂર્ત પૂર્વ મંત્રી અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે પારડીના ચીવલ ગામે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી હતી. સાથે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના આગેવાનો, સરપંચો અને ભાજપના વરિષ્ઠ આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. કપરાડા જેવી અંતરિયાળ વિસ્તારોમાં માર્ગ, પાણી, શિક્ષણ અને ખેતીના અભાવને દૂર કરવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકાઈ રહી છે. તેમણે ઉમેર્યું કે, ઉદ્વહન સિંચાઈ યોજના થકી ખેડૂતોને હવે ખેતી માટે પૂરતું પાણી મળી રહેશે. આથી કૃષિ ઉત્પાદનમાં વધારો થશે, પાકનો ગુણવત્તાવાળો ઉપજ મળશે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરશે. આ યોજના ગામડાંના ખેડૂત ભાઈઓ માટે કૃષિ ક્ષેત્રે નવી આશાઓ લઈને આવી છે અને સરકાર દ્વારા આવતા સમયમાં વધુને વધુ વિસ્તારોમાં આવી યોજના લાગુ કરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું. આવી યોજનાઓના અમલથી કપરાડા જેવા પછાત વિસ્તારનો દ્રઢ વિકાસ થશે એ વાતમાં કોઈ શંકા નથી.

# રાજ્યમાં કુલ ૪૭,૧૭૦ સીટ સાથે નર્સીંગના વિવિધ કોર્ષ કાર્યરત

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૧૧:** આરોગ્ય સેવાઓમાં નર્સના યોગદાનને ધ્યાનમાં લઈને સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૨ મેને આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ નર્સીંગ વ્યવસાયમાં રહેલા નાગરિકોના સમર્પણ, સેવા અને મહેનતને બિરદાવાનો છે. આ દિવસ વિશ્વના નર્સો માટે એક ખુબ જ વિશિષ્ટ અને ગૌરવનો દિવસ છે. ત્યારે નોંધનીય છે કે રાજ્યમાં હાલ કુલ-૬૧ સંસ્થાઓ ૧૯૨૦ સીટ સાથે અને ખાનગી સંસ્થાઓ ખાતે ૯૯૭ સંસ્થાઓ ખાતે કુલ ૪૭,૧૭૦ સીટ સાથે નર્સીંગના જુદા જુદા કોર્ષ ચાલી રહ્યાં છે. જેમાં દર વર્ષે વધારો કરવામાં આવે છે. નર્સીંગની સેવાઓ સુદ્રઢ બનાવી શકાય અને દર્દીઓ સુધી ગુણવત્તાસભર સારવાર પુરી પાડવા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર પ્રયત્ન કરી રહી છે. રાજ્યમાં સરકારી દવાખાનાઓમાં દર્દીઓની સેવામાં હાલ ૧૩,૫૦૭ નર્સ ફરજ બજાવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં નર્સીંગની સેવાઓ સુદ્રઢ બનાવવા માટે બી.એસ.સી.(ન.)ની ૫૦૦ સીટ અને પાંચ નવી કોલેજોને મંજુરી આપવામાં આવી હતી જેની કામગીરી હાલ ચાલી રહી છે. આ નવી કોલેજ ગુજરાતના મોરબી, ગોધરા, પોરબંદર, રાજપીપળા અને નવસારીમાં બનાવવાની કામગીરી હાલ ચાલી રહી છે. રાજ્ય સરકાર દ્વારા નર્સીંગની સારવારની ક્ષમતામાં વધારો કરવાના હેતુથી સમયાંતરે આરોગ્યલક્ષી વિવિધ તાલીમ આપવામાં આવે છે. જેનો સીધો લાભ દર્દીઓને આપવામાં આવતી ગુણવત્તાસભર સેવાઓને મળે છે.

વર્ષ ૨૦૨૫ માટે ICN દ્વારા ક્અવર નર્સ, અવર ફ્યુચર, ધ ઈકોનોમીક પાવર ઓફ કેર નક્કી કરવામાં આવી છે. આ થીમના માધ્યમથી એ દર્શાવવામાં આવ્યું છે કે નર્સો માત્ર આરોગ્ય જાળવવાની જવાબદારી જ નથી ભજવતા, પણ તેઓ સમગ્ર આરોગ્ય વ્યવસ્થા અને અર્થતંત્ર માટે પણ આધારરૂપ છે. જ્યારે આરોગ્ય સેવાઓમાં યોગ્ય નર્સીંગ સ્ટાફ હોય, ત્યારે સારવારની ગુણવત્તા સુધરે છે, દર્દીઓ ઝડપથી સારાં થાય છે જેથી અર્થતંત્ર પરનો ભાર ઓછો થાય છે.

# ગુજરાતમાં ૩ દિવસ ભારે પવન સાથે વરસાદની શક્યતા

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૧૧:** ગુજરાતમાં વરસાદ બાદ ઉકળાટની સ્થિતિ સર્જાઈ છે. બફારાના કારણે લોકો હેરાન થઈ રહ્યાં છે. ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં વરસાદ અને ગરમીની આગાહી કરી છે. હવામાન વિભાગ પ્રમાણે રાજ્યમાં કમોસમી માવઠાનો માર યથાવત રહેશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ત્રણ દિવસ માટે વરસાદની અસર વધુ રહેશે. તે ઉપરાંત રાજ્યમાં આગામી ત્રણ દિવસ વરસાદી માહોલ સાથે ઉકળાટ પણ રહશે.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે રાજ્યમાં વરસાદી ટ્રફ પસાર થતો હોવાથી આગામી ૪૮ કલાક ભારે પવન સાથે માવઠુ થઈ શકે છે. ૧૩મી મેના રોજ સામાન્યથી મધ્યમ વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગ દ્વારા એવી પણ આગાહી કરવામાં આવી છે કે, આગામી સાત દિવસમાં તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી વધારો થશે. હવામાન વિભાગ દ્વારા અમદાવાદ, ગાંધીનગર સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

નોંધનીય છે આવતી કાલે યલો એલર્ટ આપવામાં આવી છે તેવા વિસ્તારોમાં બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગર; દક્ષિણ ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓમાં એટલે કે વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલી; સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં એટલે કે સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને દીવનો સમાવેશ થાય છે.

# ધરમપુરના હિતેશ પ્રજાપતિએ માર્શલ આર્ટમા વધુ એક સિદ્ધિ મેળવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૧ :** હિતેશ પ્રજાપતિએ દ્રન્દ્વ માર્શલ આર્ટમા 4th ડાન બ્લેક બેલ્ટ પ્રાપ્ત કરી ગુજરાતનું ગૌરવ વધાવ્યું. માર્શલ આર્ટ્સ ક્ષેત્રે પ્રતિષ્ઠિત નામ અને ગુજરાતના ગૌરવ હિતેશ બી.પ્રજાપતિએ પોતાની કઠિન મહેનત, શિસ્ત અને દઢસંકલ્પથી 4thડાન બ્લેક બેલ્ટ પ્રાપ્ત કરી છે. આ સિદ્ધિ એ માત્ર એક પદવી નથી, પણ તેમના જીવનના સંઘર્ષ અને નિમિત તે લીધેલા શ્રમનો સાર છે. હિતેશભાઈએ વુશુ ,કરાટે, ટાઈક્વોન્ડો, કિકબોકિંસગ, રાયફલ શુટીંગ, આર્ચરી, વોવિનોમ, તાઈચી અને અન્ય માર્શલ આર્ટ્સમાં વર્ષો સુધી અભ્યાસ કર્યો છે અને ૨૦૨૪ જેમણે ૮મી તાઈચી છવાન વલ્ડ ચેમ્પિયનશીપ તાઈવાનમા બ્રોન્ઝ મેડલ મેળવી ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી દેશનુ નામ રોશન કર્યુ હતુ.આજે તેઓ માત્ર એક માસ્ટર ટ્રેનર નહિ પણ હજારો વિદ્યાર્થીઓના માર્ગદર્શક તરીકે ઓળખાય છે. તેમના શિષ્યો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ પર ગુજરાતનું નામ રોશન કરી રહ્યા છે. તેઓ માત્ર એક કોચ નથી, પણ યુવાનો માટે એક પ્રેરણાસ્રોત છે,એક એવી શખ્સિયત કે જેમણે શિસ્ત, અનુશાસન, આત્મવિશ્વાસ અને કલા પ્રત્યેનો પ્રેમ તાલીમાર્થીઓમાં ક્યારેય ખૂટવા દીધો નથી. ગુજરાતના ગામડાઓથી લઈને શહેરો સુધી માર્શલ આર્ટ્સનો પ્રકાશ ફેલાવવા તેઓ સતત કાર્યરત છે. હિતેશ પ્રજાપતિને આ શાનદાર સિદ્ધિ માટે ધરમપુર સહીત અન્ય વિસ્તારથી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# ધરમપુરની ડિવાઈન પ્રોડક્ટ એન્ડ સર્વિસસ કંપની દ્વારા મહિલાઓએ પગાર બાબતે કરાયેલ માંગણી સ્વીકારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૧ :** ધરમપુર ખાતે ડિવાઈન પ્રોડક્ટ એન્ડ સર્વિસીસ નામની કંપની દ્વારા મહિલા કર્મચારી ઓને પગાર બાબતે થયેલ અન્યાય અંગે વાંસદા ચીખલી ના ધારાસભ્ય અનંત પટેલે બહેનો દ્વારા કરાયેલ માંગણી બાબતે ચર્ચા કરી હતી ત્યાર બાદ કંપનીના મેનેજમેન્ટ સાથે આ બાબતે મીટીંગ કરી બહેનો એ કરેલ તમામ માંગણીઓ કંપની દ્વારા સ્વીકારી હતી.

ઉપસ્થિત તમામ બહેનોએ વાંસદા ચીખલી ના ધારાસભ્ય અનંત પટેલ નો આભાર માન્યો હતો આ સમયે કપરાડા તાલુકા પંચાયત ના સભ્ય કુંજાલી બેન, ધરમપુર તાલુકા પંચાયતના અપક્ષ સભ્ય કલ્પેશ પટેલ ધરમપુર નગરપાલિકાના પુર્વ કોર્પોરેટર ધીરજ પટેલ સહયોગ કર્યો હતો.

મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત

# અમદાવાદ સિવિલ હોસ્પિટલની નવીન પહેલ

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૧૧ :** સમગ્ર રાજયમાં આદરેલા મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા નવીન પહેલ હાથ ધરવામાં આવી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની સૂચનાને પગલે અમદાવાદ સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં "Dietician OPD" (રૂમ નં. G-025) શરૂ કરવામાં આવી છે. જે દરરોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ સુધી કાર્યરત રહેશે.

આ OPDમાં મેદસ્વિતા ઘટાડવાના આશય સાથે, NCD ધરાવતા દર્દીઓ, કુપોષિત બાળક તથા ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓને નિષ્ણાત ડાયેટીશિયન દ્વારા યોગ્ય આહારની માર્ગદર્શિકા, પોષણ કાઉન્સેલિંગ અને વ્યક્તિગત ડાયટ પ્લાન આપવામાં આવશે.

# રાજ્યમાં ૧ વર્ષમાં ૪ લાખ માતાઓને મળી રૂ. ૨૨૨ કરોડની આર્થિક સહાય

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૧૧:** આંતરરાષ્ટ્રીય માતૃત્વ દિવસ નિમિત્તે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે આપેલી માહિતી અનુસાર, છેલ્લા એક વર્ષમાં નમો શ્રી યોજના હેઠળ ૬ લાખથી વધુ મહિલાઓએ નોંધણી કરાવી છે, જેમાંથી લગભગ ૪ લાખ મહિલાઓને રૂ. ૨૨૨ કરોડની આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે.

નમો શ્રી યોજના ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ અને માતાઓના સ્વાસ્થ્ય અને પોષણ માટે તેમને આર્થિક સહાય પૂરી પાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી છે. આ યોજનાએ લગભગ ૪ લાખ માતાઓની સમયસર આરોગ્ય તપાસ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, સાથે જ તેમના માટે સંતુલિત પોષણ પણ સુનિશ્ચિત કર્યું છે. માતા પ્રત્યેનો આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેમજ તેમના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ ઉજવવામાં આવે છે. આ વખતે આંતરરાષ્ટ્રીય માતૃ દિવસની ઉજવણી ૧૧ મેએ છે. આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ ૨૦૨૫ની થીમ "Mothers: The Backbone of the Family" (માતાઁ પરિવારનો આધારસ્તંભ) છે, જે દર્શાવે છે કે એક માતા જ પરિવારની કરોડરજ્જુ હોય છે. યોજના હેઠળ પાત્ર મહિલાઓને તેમના પહેલા બે જીવંત બાળકો માટે તબક્કાવાર રૂ. ૧૨,૦૦૦ સુધીની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવે છે. આ સહાય કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના (PMMVY) અને જનની સુરક્ષા યોજના (JSY) હેઠળ પ્રાપ્ત લાભો સાથે સંયુક્ત રીતે આપવામાં આવે છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Monday 12, May 2025

## ભારત પ્રત્યે નફરતથી ભરેલું પાકિસ્તાન

લગભગ બે હજાર વર્ષ પહેલાં ચીની રણનીતિકાર સુન જૂએ બહુ સચોટ વાત કહી હતી, 'જો તમે તમારા દુશ્મન અને તમારી ક્ષમતાઓથી પરિચિત હો તો તમારે તમામ લડાઈઓનાં પરિણામની ચિંતા કરવાની જરૂર નથી. જો તમને તમારી ક્ષમતાઓ ખબર હોય, પરંતુ દુશ્મનની નહીં તો દરેક જીતની સ્થિતિમાં પણ તમે હાર મહેસૂસ કરશો. જો તમે ના તમારા દુશ્મનથી પરિચિત હો કે ના ખુદથી તો દરેક લડાઈમાં તમારી હાર નક્કી છે.' એક એવા સમયે જ્યારે પાકિસ્તાન સાથે આપણું યુદ્ધ ચાલુ થઈ ગયું છે ત્યારે સુન જૂનું આ જ્ઞાન આપણા માટે બહુ ઉપયોગી છે. પહેલગામના નૃશંસ આતંકી હુમલાના જવાબમાં ભારતના ઓપરેશન સિંદૂર બાદથી જ્યારે પાકિસ્તાન સાથે કડવાશ વધી છે ત્યારે આપણા માટે આપણા દુશ્મન અને તેની સાથે જોડાયેલા દરેક પાસાંથી પરિચિત થવું ક્યાંય વધુ આવશ્યક થઈ જાય છે. યાદ રહે કે પાકિસ્તાનમાં ભારતને સ્થાયી શત્રુ માનવામાં આવે છે અને આ કુવિચાર પાકિસ્તાની જનતાની માનસિકતામાં ઘોળાયેલો છે. આપણે આ દૂષિત માનસિકતાના મર્મને સમજવું પડશે. ભારત પ્રત્યે પાકિસ્તાનની વિષાક્ત માનસિકતા દ્વિરાષ્ટ્ર સિદ્ધાંતથી ઓતપ્રોત છે. આ જ ઝેરી દ્રષ્ટિકોણને ગત દિવસોમાં પાકિસ્તાની સેના પ્રમુખ મુનીરે એક સંબોધનમાં વ્યક્ત કર્યો હતો, જ્યારે તેમણે હિંદુ અને મુસલમાનોને બે અલગ-અલગ કોમો તરીકે રેખાંકિત કરી.

પાકિસ્તાનમાં સત્તાની વાસ્તવિક નિયંત્રક સેના એ જ ઇચ્છે છે કે બાળપણથી જ દેશવાસીઓમાં આ નફરતી ચિંતન અને ભારતથી ઘૃણાનાં બીજ વાવવામાં આવે. એનાથી પણ બદતર એ છે કે લોકોને એ જ ગોળી પીવડાવવામાં આવે છે કે હિંદુ-મુસલમાન વચ્ચે ક્યારેય સુલેહ ન થઈ શકે. પાકિસ્તાનમાં એ જ માન્યતા છે કે મજહબ જ રાષ્ટ્રવાદનો આધાર છે. જોકે એ વાત અલગ છે કે ખુદને ઇસ્લામિક રાષ્ટ્ર માનનારા પાકિસ્તાનમાં ક્યારેય એ સહમતિ નથી બની શકી કે તેણે ઇસ્લામની કઈ ધારાનું અનુસરણ કરવું જોઇએ. તેથી શરૂઆતથી જ તે સાંપ્રદાયિકતાનો શિકાર રહ્યું છે.

પાકિસ્તાનથી વિપરીત ભારતમાં એવી માન્યતા છે કે તેના તમામ નાગરિકો પાસે બરાબર અધિકાર છે અને ધર્મ-મજહબ અંગત બાબત છે. આ ભાવ ઓપરેશન સિંદૂર બાદ થયેલ મીડિયા બ્રીફિંગમાં પણ નજરે પડ્યો, જ્યારે એક મુસ્લિમ મહિલા સૈન્ય અધિકારી અને એક હિંદુ મહિલા સૈન્ય અધિકારી એકસાથે મંચ પર દેખાયા, જેના દ્વારા પાકિસ્તાનમાં થયેલ હુમલાની જાણકારી સાર્વજનિક કરવામાં આવી. રાષ્ટ્રીય અને સામાજિક એકજુટતા ભારતની મોટી તાકાત રહી છે. ભારતીયોને સામાજિક એકજુટતાનું રણનીતિક મહત્ત્વ પણ સમજવું જોઇએ.માનસિકતાના સ્તર પર પણ ભારત અને પાકિસ્તાન બહુ અલગ છે. પાકિસ્તાનમાં કુલીન વર્ગના લોકો એમ વિચારે છે કે ભારતીય ઉપમહાદ્વીપમાં વાસ્તવિક શાસક એ જ છે. તેઓ ભૂતકાળની એ યાદોમાં ડૂબેલા રહે છે કે અંગ્રેજોના આગમનથી પહેલાં મુસ્લિમ રાજવંશોએ જ સેંકડો વર્ષો સુધી ભારત પર રાજ કર્યું. તેથી એક સેક્યુલર, સમૃદ્ધ અને સશક્ત ભારતનો વિચાર તેમને પચતો નથી, જેને વિશ્વની એક મોટી શક્તિ રૂપે માન્યતા મળી રહી છે. પાકિસ્તાનીઓ હરસંભવ રીતે ભારતને નકારવામાં જ રત રહે છે. તેના માટે આતંકનો ઉપયોગ કરવામાં પણ ખચકાતા નથી. ભારત વિરુદ્ધ મોટા સ્તર પર દુષ્પ્રચાર કરવામાં આવે છે. વિશેષ કરીને ઈસ્લામિક દેશો વચ્ચે ભારત વિરુદ્ધ વિષવમન કરવામાં આવે છે જેથી પાકિસ્તાન પોતાના નાપાક મનસૂબા કોઇક રીતે પૂરા કરી શકે. ભારતને પસ્ત કરવાના પ્રયાસમાં જો પોતાની અર્થવ્યવસ્થા પણ તબાહ થઈ જાય તો પણ ત્યાં તેને લઈને એવાં જૂઠાણાં ફેલાવાય છે કે આ તો એ કિંમત છે, જે આપણે ચૂકવવી પડશે. પાકિસ્તાને તેનું નુક્સાન ભોગવવું પણ પડી રહ્યું છે. પાકિસ્તાની સેના અને કુલીન વર્ગને આમ જનતાના હિતો સાથે કોઈ લેવાદેવા નથી. તેમના સ્વાર્થ અને બનાવટી શ્રેષ્ઠતાબોધની કિંમત સામાન્ય પાકિસ્તાનીએ ચૂકવવી પડી રહી છે. પાકિસ્તાની જનતાની માનસિકતાનું બીજું એક પાસું એવું છે કે ચાહે જે હાલત હોય પરંતુ બદલો તો લેવો જ પડશે. ખાસ કરીને સેનામાં એ ભ્રમ બહુ ઊંડે સુધી પેઠેલો છે. તે હંમેશાં બદલાની આગમાં જ બળતી હોય છે. તે આજ સુધી ૧૯૭૧માં થયેલા પાકિસ્તાનના બે ટુકડા માટે ભારત પ્રત્યે વેર રાખી રહી છે. જ્યારે સચ્ચાઈ એ જ છે કે સેનાનું વલણ અને જુલ્ફિકાર અલી ભુટ્ટો જેવા નેતા જ પાકિસ્તાનના વિભાજન અને બાંગ્લાદેશના સર્જન માટે જવાબદાર રહ્યા. બદલાની ભાવનાઓને વ્યક્ત કરતાં જ પાકિસ્તાની સેનાના પ્રવક્તાએ કહ્યું કે ઓપરેશન સિંદૂરમાં માર્યા ગયેલા લોકોના મોતનો બદલો લેવામાં આવશે. આ ધમકીને અવગણી ન શકાય. ભારતીય નીતિ-નિયંતાઓએ વધુ સતર્ક રહેવું પડશે. પાકિસ્તાન એ દાવો પણ કરી રહ્યું છે કે ભારત વિરુદ્ધ તેની વાયુસેનાને મોટી સફળતા મળી છે. તે દુનિયા સામે ખુદને આતંક પીડિત દેશ તરીકે દેખાડવાના પ્રયાસમાં લાગેલું છે. આ પાકિસ્તાનના બેવડા ચરિત્રને જ ઉઘાડું પાડે છે. પાકિસ્તાનનો પ્રવાસ કરીને આવનારા કેટલાક ભારતીયો મોટાભાગે પાકિસ્તાનીઓના આતિથ્ય સત્કારની પ્રશંસા કરે છે. કેટલાક પાકિસ્તાનીઓ સાથે ભારતીયોની ઘનિષ્ઠ મૈત્રી પણ હોઇ શકે છે. કેટલાક પાકિસ્તાની ભારત માટે સારી ભાવનાઓ ધરાવતા હોય, પરંતુ તેનાથી ભારત પ્રત્યે તેમના દેશ અને સેનાના વલણ પર કોઈ અસર નથી પડવાની. એ પણ એક તથ્ય છે કે પાકિસ્તાન, વિશેષ કરીને સેના ભારતને સેક્યુલર નહીં,પરંતુ હિંદુ રાષ્ટ્ર તરીકે જુએ છે અને હિંદુઓ પ્રત્યે તેનો પૂર્વગ્રહ હંમેશથી જાહેર છે.

# રાવલપિંડી સુધી ભારતીય સેનાનો ધાક : રાજનાથ સિંહ

### બ્રહ્મોસના ઉત્પાદન એકમનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા કરાયું : રક્ષા મંત્રી રાજનાથ સિંહ દિલ્હીથી ડિજિટલી સમારોહમાં જોડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
લખનૌ, તા.૧૧ :

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌ ૧૧ મે ૨૦૨૫ના રોજ સંરક્ષણ ક્ષેત્રમાં એક ઐતિહાસિક પગલાનું સાક્ષી બનશે. વિશ્વની સૌથી ઘાતક સુપરસોનિક ક્રુઝ મિસાઇલ બ્રહ્મોસ ના ઉત્પાદન એકમનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના મહત્વાકાંક્ષી ઉત્તર પ્રદેશ સંરક્ષણ ઔદ્યોગિક કોરિડોરના લખનૌ નોડમાં કરવામાં આવ્યું. રક્ષા મંત્રી રાજનાથ સિંહ દિલ્હીથી ડિજિટલી સમારોહમાં જોડાયા અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરાયું. આ પહેલ ઉત્તર પ્રદેશ અને ભારતની સંરક્ષણ આત્મનિર્ભરતાને મજબૂત બનાવશે અને સાથે સાથે વ્યૂહાત્મક શક્તિને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

લખનઉમાં બ્રહ્મોસ એરોસ્પેસ ઈન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ ફેસિલિટીનું ઉદ્ઘાટન કરતી વખતે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, "ઓપરેશન સિંદૂર દ્વારા ભારતીય સેનાએ આતંકવાદીઓને જવાબ આપ્યો. આ ઓપરેશન હાથ ધરીને અમે બતાવ્યું કે ભારત આતંકવાદ સામે કાર્યવાહી કરી રહ્યું છે."

સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું, "પાકિસ્તાનમાં આતંકવાદનો અંત લાવવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આતંકવાદીઓને નિશાન બનાવ્યા હતા પરંતુ પાકિસ્તાની સેનાએ સામાન્ય નાગરિકોને નિશાન બનાવ્યા હતા. આ ઉપરાંત, પાકિસ્તાની સેનાએ મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા અને ચર્ચોને નિશાન બનાવ્યા હતા."

રાજનાથ સિંહે વધુમાં કહ્યું હતું કે, "ભારતીય સેનાએ હિંમત અને બહાદુરી તેમજ સંયમ દર્શાવ્યો છે અને પાકિસ્તાનના ઘણા લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરીને યોગ્ય જવાબ આપ્યો છે. અમે માત્ર સરહદને અડીને આવેલા લશ્કરી ઠેકાણાઓ પર કાર્યવાહી કરી નથી, પરંતુ ભારતીય દળોની ધાક રાવલપિંડી સુધી અનુભવાઈ હતી જ્યાં પાકિસ્તાની સેનાનું મુખ્ય મથક આવેલું છે."

તેમણે કહ્યું કે, આ ઉત્પાદન એકમની સ્થાપના 'આત્મનિર્ભર ભારત' અભિયાનનો એક ભાગ છે, જે ભારતની સંરક્ષણ ક્ષમતાઓને વધારવા અને સ્વદેશી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે. આ એકમ દેશની રક્ષણ ક્ષમતામાં નોંધપાત્ર યોગદાન આપશે. આ એકમ ઉત્તર પ્રદેશમાં રોજગારીની તકો ઊભી કરશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને વેગ આપશે. આ ઉપરાંત ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોરના લખનઉ નોડને વધુ મજબૂત કરવામાં આ એકમ મહત્વનું પગલું છે.

તેમણે કહ્યું કે, બ્રહ્મોસ મિસાઈલ તેની સુપરસોનિક ઝડપ અને વિનાશક ક્ષમતા માટે જાણીતી છે. તે ભારત અને રશિયાના સંયુક્ત સાહસનું પરિણામ છે અને ભારતીય સેનાની ત્રણેય શાખાઓ (આર્મી, નેવી અને એરફોર્સ)માં ઉપયોગમાં લેવાય છે.

આ એકમની સ્થાપના બ્રહ્મોસના ઉત્પાદનને વધારશે, જે ભારતની સંરક્ષણ તૈયારીઓને વધુ મજબૂત બનાવશે.

આ ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઓપરેશન સિંદૂર માટે તમામ સૈનિકો, પીએમ નરેન્દ્ર મોદી અને રક્ષા મંત્રી રાજનાથ સિંહને અભિનંદન આપ્યા. સીએમ યોગીએ કહ્યું કે, અમે બ્રહ્મોસ મિસાઈલ માટે ૨૦૦ એકર જમીન આપી છે. હવે અહીં બ્રહ્મોસ મિસાઈલનું ઉત્પાદન શરૂ થશે. તમે ઓપરેશન સિંદૂરમાં બ્રહ્મોસની તાકાત જોઈ હશે, જો તમે તે ન જોઈ હોય તો પાકિસ્તાનીઓને પૂછો કે બ્રહ્મોસ મિસાઈલની તાકાત શું છે.

સીએમ યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું, "આતંકવાદ કૂતરાની પૂંછડી જેવો છે. તેનો જવાબ તેની જ ભાષામાં આપવો પડશે. બ્રહ્મોસ મિસાઈલ શું છે? હાલમાં જ તમે ઓપરેશન સિંદૂરમાં આ મિસાઈલની તાકાતની ઝલક જોઈ હશે અને જો તમે તે નથી જોઈ, તો તમારે કોઈ પાકિસ્તાનીને પૂછવું જોઈએ કે બ્રહ્મોસ મિસાઈલની તાકાત શું છે. ભારત સરકારે જાહેર કર્યું છે કે આતંકવાદની કોઈપણ ઘટના હવે યુદ્ધ માનવામાં આવશે અને યાદ રાખો, જ્યાં સુધી આપણે આતંકવાદને સંપૂર્ણપણે કચડી ન નાખીએ ત્યાં સુધી સમસ્યાનો ઉકેલ આવશે નહીં." ૨૦૧૮માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ ઉત્તર પ્રદેશ સંરક્ષણ ઔદ્યોગિક કોરિડોર, યોગી સરકારની પ્રાથમિકતા રહી છે. તેના છ નોડ્સ - લખનૌ, કાનપુર, અલીગઢ, આગ્રા, ઝાંસી અને ચિત્રકૂટ - સંરક્ષણ ઉત્પાદનને વધારવા માટે મોટા પાયે રોકાણો જોઈ રહ્યા છે. લખનૌ નોડ ખાતે બ્રહ્મોસ યુનિટની સાથે, ડિફેન્સ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમ (DTIS) નો શિલાન્યાસ પણ કરવામાં આવશે, જે ડિફેન્સ ઉત્પાદનોના પરીક્ષણ અને પ્રમાણપત્રમાં મદદ કરશે. ઉદ્ઘાટન સમારોહમાં બ્રહ્મોસ એરોસ્પેસ, એરો એલોય ટેકનોલોજી અને ઉત્તર પ્રદેશ ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર પરની ટૂંકી ફિલ્મો દર્શાવવામાં આવશે. ડીઆરડીઓના અધ્યક્ષ ડૉ. સમીર વી કામત સ્વાગત પ્રવચન આપશે જ્યારે પીટીસી ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ સચિન અગ્રવાલ કંપનીના યોગદાન પર પ્રકાશ પાડશે.

લખનૌ નોડ ખાતે સ્થાપિત આ બ્રહ્મોસ ઉત્પાદન એકમ ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. યોગી સરકારે આ માટે ૮૦ હેક્ટર જમીન મફતમાં આપી હતી અને આ પ્રોજેક્ટ માત્ર સાડા ત્રણ વર્ષમાં પૂર્ણ થયો હતો. વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રુઝ મિસાઈલ ભારત અને રશિયાના સંયુક્ત સાહસનું પરિણામ, બ્રહ્મોસ મિસાઈલ, વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રુઝ મિસાઈલ છે. તેની રેન્જ ૨૯૦-૪૦૦ કિલોમીટર છે અને ઝડપ મેક ૨.૮ (ધ્વનિની ગતિ કરતાં લગભગ ત્રણ ગણી) છે. આ મિસાઈલ જમીન, હવા અને સમુદ્રમાંથી લોન્ચ કરી શકાય છે અને ફાયર એન્ડ ફોરગેટ સિદ્ધાંત પર કાર્ય કરે છે, જે તેને દુશ્મનના રડારથી બચીને લક્ષ્યને સચોટ રીતે હિટ કરવામાં સક્ષમ બનાવે છે. તમિલનાડુ પછી ઉત્તર પ્રદેશ બીજું રાજ્ય છે જ્યાં સંરક્ષણ ઔદ્યોગિક કોરિડોર સ્થાપિત થયો છે. બંને કોરિડોર મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત પહેલનો ભાગ છે જેનો ઉદ્દેશ્ય સંરક્ષણ આયાત પર નિર્ભરતા ઘટાડવા, સ્વદેશી ઉત્પાદન વધારવા અને રોજગારીની તકો ઊભી કરવાનો છે.

# ૧૦ જૂન આસપાસ ગુજરાત રાજ્યમાં ચોમાસાનું આગમન થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૧ : આ વર્ષે ગુજરાતમાં ૧૦ જૂનની આસપાસ ચોમાસું આવશે. ગુજરાતમાં ૧૦ જૂનની આસપાસ ચોમાસું પ્રવેશી શકે છે. રાજ્યમાં આ વર્ષે ધોધમાર વરસાદ પડવાની આગાહી છે. ચોમાસુ આવે તે પહેલા જ ગુજરાતમાં સવા ઈંચ વરસાદ પડ્યો છે. આમ, તો સામાન્ય રીતે ગુજરાતમાં ચોમાસું ૧૫ જુન બાદથી જ આવતું હોય છે. પરંતું આ વખતે વાતાવરણમાં એવા પલટા આવ્યા છે. જેને કારણે ચોમાસું વહેલા આવશે. સાથે જ આ વર્ષનું ચોમાસું ધોધમાર રહે તેવી પણ આગાહી છે. કેરળમાં આ વર્ષે વહેલું ચોમાસું આવી રહ્યું છે, ગત વર્ષે ૩૦ મેના રોજ ચોમાસું કેરળમાં આવી ગયું હતું, તેના બાદ ૧૦ જુવને ગુજરાતના સૌરાષ્ટ્ર-દક્ષિણ કાંઠે આવીને અટકી ગયું હતું. તેના બાદ ૨૪ જુનના રોજ ચોમાસામાં ગતિ આવી હતી. તેના બાદ ૩૭ જુને આખા ગુજરાતમાં ચોમાસું છવાયું હતું. પરંતું આ વખતે ચોમાસું વહેલું આવે તે શક્યતા છે.

ભારતીય મુખ્ય ભૂમિ પર ચોમાસાના આગમનની સત્તાવાર જાહેરાત ત્યારે થાય છે જ્યારે તે કેરળ પહોંચે છે. સામાન્ય રીતે ૧ જૂનની આસપાસ હોય છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૮ જુલાઈ સુધીમાં સમગ્ર દેશને આવરી લે છે. તે ૧૭ સપ્ટેમ્બરની આસપાસ ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી પીછેહઠ કરવાનું શરૂ કરે છે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં સંપૂર્ણપણે પીછેહઠ કરે છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, "કેરળમાં ચોમાસાનું વહેલું કે મોડું આગમન થવાનો અર્થ એ નથી કે તે દેશના અન્ય ભાગોમાં પણ આ જ રીતે પહોંચશે. "તે ખૂબ જ પરિવર્તનશીલ છે અને વૈશ્વિક, પ્રાદેશિક અને સ્થાનિક પરિસ્થિતિઓ પર આધાર રાખે છે. "સ્ઢ એ એપ્રિલમાં ૨૦૨૫ના ચોમાસા માટે સામાન્યથી વધુ કુલ વરસાદની આગાહી કરી હતી અને ભારતીય ઉપખંડમાં સામાન્યથી ઓછા વરસાદ સાથે સંકળાયેલ અલ નિનો સ્થિતિઓની શક્યતાને નકારી કાઢી હતી.

સામાન્ય રીતે દક્ષિણપશ્ચિમ ચોમાસું ૧ જૂને કેરળ પહોંચે છે અને જુલાઈના પહેલા અઠવાડિયા સુધીમાં સમગ્ર ભારતને આવરી લે છે. આ પછી, સપ્ટેમ્બરથી, ચોમાસું ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગોને વિદાય આપવાનું શરૂ કરે છે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં સંપૂર્ણપણે વિદાય લે છે. આ વર્ષે ચાર મહિનાના ચોમાસા દરમિયાન ભારતમાં સામાન્યથી વધુ વરસાદ પડવાની ધારણા છે. આ સમયગાળા દરમિયાન, ૧૦૫ ટકા વરસાદ પડી શકે છે, જે ૮૭ સેમીના સરેરાશ વરસાદ કરતાં વધુ છે.

### ૧૫ મેના રોજ તુર્કીના ઈસ્તંબુલમાં આ બેઠક યોજાઈ શકે

# ઝેલેન્સ્કી-વ્લાદિમીર પુતિન સાથે શાંતિ વાર્તા કરવા તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
મોસ્કો, તા.૧૧

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કી રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે શાંતિ વાર્તા કરવા તૈયાર થયા છે. તેમણે કહ્યું કે, આ એક સકારાત્મક સંકેત છે. ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, રશિયા સાથે યુદ્ધ સમાપ્ત કરવાની દિશામાં આ એક શુભ સંકેત છે. પરંતુ શાંતિ વાર્તા પહેલાં એક પૂર્ણ અને બિનશરતી સીઝફાયર લાગુ કરવુ જરૂરી છે. કીવમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, આખી દુનિયા લાંબા સમયથી આ પળની રાહ જોઈ રહી છે. કોઈપણ યુદ્ધને વાસ્તવમાં સમાપ્ત કરવાનું પ્રથમ પગલું સીઝફાયર છે.રશિયાના રાષ્ટ્રપ્રમુખ પુતિને શનિવારે મોડી રાત્રે મોસ્કોમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી સીઝફાયરનો પ્રસ્તાવ ફગાવ્યો છે. તેમણે યુક્રેન સાથે ફરીથી નવેસરથી બેઠક શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ૧૫ મેના રોજ તુર્કીના ઈસ્તંબુલમાં આ બેઠક યોજાઈ શકે છે. પુતિને કહ્યું કે, અમે કોઈપણ શરત વિના સીધો વાર્તાલાપ કરવા તૈયાર છીએ. એક સ્થાયી અને લાંબાગાળાની શાંતિ માટે આ અત્યંત જરૂરી છે.

યુરોપિયન નેતાઓએ પણ અગાઉ રશિયા સમક્ષ ૩૦ દિવસ માટે બિનશરતી સીઝફાયર માટે માગ કરી હતી. બ્રિટન, ફ્રાન્સ, જર્મની, પોલેન્ડના નેતાઓએ શનિવારે કીવમાં ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી. રશિયા પર દબાણ વધારવા માટે નવા પ્રતિબંધો લાદવાની શક્યતાઓ પણ દર્શાવી હતી. યુરોપિયન નેતાઓની આ માગને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંપૂર્ણ સમર્થન આપ્યું હતું.

યુક્રેન અને તેના સહયોગી લાંબા સમયથી કહેતાં આવ્યા છે કે, રશિયા પહેલાં પોતાની સૈન્ય ગતિવિધિઓ સંપૂર્ણપણે અટકાવે, બાદમાં અમે વાત કરવા તૈયાર થઈશું.

બીજી બાજુ રશિયા સતત યુક્રેનને પોતાની શરતોનો સ્વીકાર કરવા દબાણ કરી રહ્યું છે. જેમાં ક્રીમિયા અને અન્ય કબજા હેઠળના વિસ્તારોને રશિયાને સોંપવાની માગ સામેલ છે. રશિયા એકબાજુ શાંતિ કરાર કરવા માગે છે, તો બીજી બાજુ કીવ અને અન્ય શહેરો પર ડ્રોન વડે હુમલા પણ કરી રહ્યું છે. જેના લીધે બંને દેશો વચ્ચે અવિશ્વાસ અને તણાવ વધી રહ્યો છે.

# યુદ્ધવિરામ બાદ કચ્છમાં ફરી જનજીવન ધબકતું થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
કચ્છ, તા.૧૧ :આતંકીઓનું આશ્રયસ્થાન પાકિસ્તાન આખરે ઘૂંટણિયે પડ્યું છે. ઓપરેશન સિંદુરથી પાકિસ્તાની સેના થર થર કાંપી છે. પાકિસ્તાનમાં ઘૂસીને ભારતે મોટી કાર્યવાહી કરી છે. ત્યારે ગુજરાતની બોર્ડર પરના વિસ્તારોમાં આજે રવિવારે સવારે કેવી પરિસ્થિતિ છે, તે જોઈએ. ભારત પાકિસ્તાન વચ્ચેના તણાવ બાદ હાલ કચ્છની બોર્ડર પર સ્થિતિ શાંત છે. ચાર દિવસ બાદ કચ્છમાં હાલ શાંતિનો માહોલ છવાયેલો છે. ગઈકાલે રાતે પાકિસ્તાને તોડેલા સીઝફાયર બાદ હાલ ક્યાંય કોઈ તણાવ નથી. કચ્છના તમામ વિસ્તારોમાં પરિસ્થિતિ સામાન્ય જોવા મળી. લોકોમાં પણ રોજની જેમ અવરજવર જોવા મળી. ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામની જાહેરાત બાદ આજે સવારથી ભુજની તમામ બજારો સામાન્ય દિવસની જે ખુલી ગઈ છે. જનજીવન ફરી ધબકતું થયું છે. ગઈકાલે રાત્રે ડ્રોન હુમલાના નિષ્ફળ પ્રયાસ બાદ બ્લેક આઉટ આપવામાં આવ્યું હતું. રાત્રે ૧૦ થી અત્યાર સુધી કોઈ જ ડ્રોન હુમલો ન થતા સ્થિતિ સામાન્ય છે.મોડી રાતે કચ્છમાં અચાનક ડ્રોન દેકાયા બાદ સંવેદનશીલ પરિસ્થિતિ ઉભી થઈ હતી. જેને ધ્યાનમાં રાખીને રાતે દ્વારકા, ઓખા, મીઠાપુર અને બેટ દ્વારકાના વહીવટીતંત્ર દ્વારા એક અતિ મહત્વપૂર્ણ આદેશ જારી કરવામાં આવ્યો હતો. આ આદેશ અંતર્ગત, દ્વારકા તાલુકાના સરહદી ગામોમાં સ્વૈચ્છિક બ્લેકઆઉટ પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બ્લેકઆઉટ ગઈકાલે સાંજે ૭ વાગ્યાથી શરૂ કરીને બેટ દ્વારકાથી કુરંગા સુધીના સમગ્ર વિસ્તારમાં લાગુ કરાયું હતું અને સવારે ૬ વાગ્યા સુધી અમલમાં રહ્યું હતું. આ સમયગાળા દરમિયાન, તમામ મંદિરો સહિત અન્ય તમામ પ્રવૃત્તિઓ બંધ રાખવામાં આવી હતી. શોપિંગ સેન્ટરોને પણ બંધ રાખવા માટે અપીલ કરવામાં આવી છે. અને સાંજે ૭ વાગ્યા આવી છે

### બલૂચિસ્તાનમાં ૩૯ ઠેકાણે કર્યા હુમલા

# પાકિસ્તાન માટે માથાનો દુ:ખાવો બન્યા બળવાખોરો

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૧૧ :ભારતના ઓપરેશન સિંદૂર બાદ બલુચિસ્તાન અને પીઓકેમાં પાક. સરકાર અને સેના સામે બળવો ઉગ્ર બનવા લાગ્યો છે. સરહદે ભારતીય સેના પાક. સેનાને આક્રામક ફટકાર લગાવી રહી હતી ત્યારે બીજી તરફ ખૈબરમાં બળવાખોરોએ પાક.ના સુરક્ષા દળોની ચેક પોસ્ટ ઉડાવી હતી, જેમાં પાકિસ્તાની સેનાને મોટું નુકસાન થયાના અહેવાલ છે. અન્ય કેટલાક શહેરોમાં પણ આવા હુમલા થયાના અહેવાલો છે. જ્યારે બલુચિસ્તાનમાં હજારો લોકો પાક.થી મૂક્તિ માટે રસ્તા પર ઉતર્યા હતા અને પાક. સેના-સરકાર સામે ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. બલુચિસ્તાનની રાજધાની કોટામાં હજારગંજી તેમજ ફૈઝાબાદમાં પાકિસ્તાની સેનાની ચોકીઓને બળવાખોરોએ ગ્રેનેડ હુમલાથી ઉડાવી દીધી હતી. જ્યારે પંજગુરના વાશબોદ વિસ્તારમાં ચીન-પાકિસ્તાનના બિઝનેસ કોરિડોરના હાઈવેને બળવાખોરોએ જામ કરી દીધો હતો. હથિયારધારી બળવાખોરોએ હાઈવે બંધ કરીને પાક. પોલીસના વાહનોને નિશાન બનાવ્યા હતા. બે પોલીસ વાહનોને જપ્ત કરી લીધા હતા. આ વાહનોમાં જે હથિયારો હતા તેને જપ્ત કરી લીધા હતા. જ્યારે બોનિસ્તાન વિસ્તારની એક ચેકપોસ્ટ પર બળવાખોરોએ કબજો કરી લીધો હતો. તાજેતરમાં જ હૌશાબ જિલ્લામાં એક મોટો સશસ્ત્ર બળવો થયો હતો, જેમાં બળવાખોરોએ સમગ્ર વિસ્તારનું નિયંત્રણ પોતાના હાથમાં લઈ લીધુ હતું. એનએડીઆર કાર્યાલય અને લેવિજ સ્ટેશનને સળગાવી દીધુ હતું. આ ઉપરાંત એમ૮ પાક.-ચીન બિઝનેસ કોરિડોર હાઈવે પર નાકાબંધી શરૂ કરી દીધી હતી અને ૧૦ બહારના લોકોને બંધક બનાવી લીધા હતા. બલુચિસ્તાન લિબરેશન આર્મીએ પાક.માં ૩૯ સ્થળોએ હુમલા કર્યા હતા. બલુચિસ્તાન લિબરેશન આર્મીના પ્રવક્તા ઝિયાંદ બલોચ દ્વારા જારી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમે કુલ ૩૯ સ્થળોએ હુમલા કર્યા છે. જ્યારે બલુચિસ્તાનના પત્રકાર મિર યાર બલોચે સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કર્યો હતો જેમાં હજારો બલુચિસ્તાનીઓ રસ્તા પર દેખાયા હતા, આ લોકોએ અલગ બલુચિસ્તાન દેશની સ્થાપનાની માગણી સાથે રેલી કાઢી હતી. જેને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ બલોચિસ્તાન નામ આપ્યું હતું. આ બેનર હેઠળ હજારો લોકો રસ્તા પર ઉતર્યા હતા.

# જમ્મુ-કાશ્મીર અને રાજસ્થાનના સરહદી વિસ્તારોમાં શાંતિ છવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ, તા.૧૧

ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી સંઘર્ષની સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે ગઈકાલે એવા અહેવાલ આવ્યા હતા કે ભારત અને પાકિસ્તાન બંને સીઝફાયર માટે સહમત થઈ ગયા છે. અમેરિકાની મધ્યસ્થતા હેઠળ આ સીઝફાયર થયું હોવાના અહેવાલ હતા. જોકે પછીથી ભારતે ચોખવટ કરી હતી ભારત અને પાકિસ્તાને પરસ્પર વાતચીત દ્વારા સીઝફાયર માટે સહમતિ આપી છે તેમાં કોઈ ત્રીજા દેશની ભૂમિકા નથી. જોકે તેના પછી પણ અમુક કલાકોમાં જ પાકિસ્તાન તરફથી સીઝફાયરનું ઉલ્લંઘન કરાયાના અહેવાલ ફરતા થયા હતા. જોકે આખી રાત વીતી ગયા બાદ હવે ભારત અને પાકિસ્તાન વચ્ચે જમ્મુ-કાશ્મીર અને રાજસ્થાનના જે જે વિસ્તારમાં સંઘર્ષની સ્થિતિ જોવા મળી હતી ત્યાંના દશ્યો સામે આવ્યા છે. એના પરથી એવું લાગે છે કે આખી રાત બંને તરફથી સીઝફાયરનું પાલન કરવામાં આવ્યું હતું અને હવે સ્થિતિ સામાન્ય થતી દેખાઈ રહી છે.

# ભારત-પાકિસ્તાન યુદ્ધ મોટા વિનાશનું કારણ બન્યું હોત :ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૧૧ : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સીઝફાયરને લઈને બંને દેશોની સાહસિક અને નિર્ણાયક ભૂમિકાના વખાણ કર્યા છે. સોશિયલ મડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટમાં ટ્રમ્પે આ પગલાંને ઐતિહાસિક ગણાવ્યો છે.ટ્રમ્પે કહ્યું કે, આ યુદ્ધ મોટા વિનાશનું કારણ બની શકતું હતું અને લાખો નિર્દોષ લોકોના મોત થઈ શકતાં હતાં. મને ભારત અને પાકિસ્તાનના મજબૂત નેતૃત્વ પર ગર્વ છે. તેમણે સમયસર સમજી લીધું કે, સંઘર્ષ રોકવો જરૂરી હતો, જેનાથી લાખો નિર્દોષ લોકોનો જીવ બચાવી શકાય. આ નિર્ણય ન ફક્ત બહાદુરીભર્યો હતો પરંતુ, બંને દેશોના વારસાને વધુ ગૌરવશાળી બનાવનારો છે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં કહ્યું કે, જો ભારત અને પાકિસ્તાન ઈચ્છે તો અમે સાથે મળીને કાશ્મીર મુદ્દે લાંબાગાળાનું સમાધાન શોધવાનો પ્રયાસ કરીશું. કદાચ ૧૦૦૦ વર્ષ બાદ હવે સમય આવી ગયો છે કે, આપણે આ ઐતિહાસિક વિવાદનું સમાધાન શોધીએ. જોકે, ટ્રમ્પ એ ભૂલી ગયા છે કે, કાશ્મીરને લઈને ભારતની સ્પષ્ટ નીતિ છે કે, આ ભારતનો આંતરિક મામલો છે. આ સિવાય ડોનાલ્ડ ટ્રમ્પે એવી પણ જાહેરાત કરી કે, અમેરિકા હવે ભારત અને પાકિસ્તાન બંને સાથે વ્યાપારિક સંબંધોને મહત્ત્વપૂર્ણ રૂપે આગળ વધારશે. જો કે, આ વિશે કોઈ ઔપચારિક ચર્ચા નથી થઈ પરંતુ, એ સ્પષ્ટ કરૂ છું કે, અમેરિકા બંને દેશો સાથે વ્યાપાર વધારવા જઈ રહ્યું છે.

દમણગંગા ટાઇમ્સ
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

# અન્ય સમાચારો

Monday 12, May 2025
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

### ભારતીય વાયુસેનાનું મોટું નિવેદન

## ઓપરેશન હજુ યથાવત છે, અમને જે ટાસ્ક મળ્યા તે અમે પૂર્ણ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૧

ભારતીય વાયુસેના(IAF)એ ઓપરેશન સિંદૂર અંગે મહત્વનું નિવેદન જાહેર કર્યું છે, જેમાં જણાવાયું છે કે આ ઓપરેશન હજુ પણ ચાલુ છે અને સેનાએ તેને સોંપાયેલા તમામ ટાસ્કને ચોકસાઈ અને વ્યાવસાયિકતા સાથે પૂર્ણ કર્યા છે. ભારતીય વાયુસેનાએ આ નિવેદન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને દેશવાસીઓને આ માહિતી આપી છે. ભારતીય વાયુસેના (IAF)એ જણાવ્યું છે કે, ઓપરેશન સિંદૂર સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરી રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને વિચારપૂર્વક હાથ ધરવામાં આવી હતી. ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ અંગે વિગતવાર માહિતી આગળ આપવામાં આવશે. IAF લોકોને અફવાઓથી દૂર રહેવાની અપીલ પણ કરી છે. ઓપરેશન સિંદૂરની શરૂઆત ૭ મે, ૨૦૨૫ના રોજ થઈ હતી, જે પાકિસ્તાન અને પાકિસ્તાન-અધિકૃત જમ્મુ-કાશ્મીર (PoK)માં આતંકવાદી ઠેકાણાઓ પર ભારતીય સશસ્ત્ર દળો દ્વારા હાથ ધરવામાં આવેલી ચોક્કસ એર-સ્ટ્રાઈકનો એક ભાગ છે. આ ઓપરેશન ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા. આ હુમલાને જૈશ-એ-મોહમ્મદ (JeM) અને લશ્કર-એ-તૈયબા (LeT) જેવા આતંકવાદી સંગઠનો સાથે જોડવામાં આવ્યું હતું, અને ભારતે આતંકવાદી ઠેકાણાઓને નષ્ટ કરવા માટે આ કાર્યવાહી હાથ ધરી હતી. ઓપરેશન સિંદૂર હેઠળ, ભારતીય સેનાએ પાકિસ્તાન અને PoKમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો, જેમાં બહાવલપુર, મુરીદકે, કોટલી અને મુઝફ્ફરાબાદ જેવા સ્થળોનો સમાવેશ થાય છે. આ એર-સ્ટ્રાઈકમાં SCALP-EG ક્રૂઝ મિસાઈલ્સ, AASM HAMMER ગાઈડેડ બોમ્બ્સ અને બ્રહ્મોસ મિસાઈલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે રાફેલ ફાઈટર જેટ્સથી લોન્ચ કરવામાં આવી હતી.

આપને જણાવી દઈએ કે, ઓપરેશન સિંદૂર એ પાકિસ્તાની સેના વિરુદ્ધ નહીં, પાકિસ્તાની આતંકી વિરુદ્ધ હાથ ધરવામાં આવેલું ઓપરેશન છે, આ સિઝફાયરનું ઉલ્લંઘન નથી. ઓપરેશન સિંદૂર દ્વારા ભારતીય સેનાએ પાકિસ્તાની સૈન્યને ટાર્ગેટ કર્યા નથી, પરંતુ આંતકી ઠેકાણાઓને નષ્ટ કર્યા છે. ત્યારે ભારતીય વાયુસેનાનું મોટું નિવેદન આવ્યું, જેમાં તેણે કહ્યું કે, અમે અમારું ટાસ્ક પૂર્ણ કર્યું, ઓપરેશન હજુ ચાલુ છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM ANJALI BHARATBHAI MISTRY TO ANJALI MAYANK PRAJAPATI ADDRESS: 1/512, KHODIYAR NIVAS, BEHIND NEW POST OFFICE, ZAPABAR, NANI DAMAN -396210.

## અમદાવાદની કલબના ફોરમ હોલના પાર્કિંગમાં દારૂની મહેફિલ

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૧૧ :** અમદાવાદના બોપલમાં દારૂની મહેફિલ માણતા ૯ નબીરાઓ ઝડપાયા છે, તો પોલીસે તમામ લોકોની અટકાયત કરી છે અને ગુનો નોંધ્યો છે, પોલીસને બાતમી મળી હતી કે એક ખાનગી કલબના પાર્કિંગમાં અમુક લોકો દારૂની મહેફિલ માણી રહ્યાં છે, તો ત્યાં જઈને તપાસ કરી તો સ્થળ પરથી એક મહિલા સહિત ૯ લોકોને ઝડપી પાડયા છે. જેમાંથી ૬ લોકો પીધેલી હાલતમાં મળી આવ્યા હતા જ્યારે ત્રણ લોકો પાસેથી દારૂની બોટલ મળી આવી હતી. આ સાથે પોલીસે બે ગ્ષ્સહિતની મોંઘીદાટ કારો પણ કબ્જે કરી છે.

બોપલ પોલીસને બાતમી મળી હતી કે, કેટલાક લોકો ક્લબ ૭૭ના પાર્કિંગમાં દારૂ પી રહ્યા છે. જેના આધારે બોપલ પોલીસે રેડ કરી હતી અને એક યુવતી સહિત નવ લોકોને ઝડપી લીધા હતા. નબીરાઓએ Club 07માં મ્યુઝિકલ ડાન્સ પાર્ટી સાથે દારૂ પાર્ટીનું આયોજન કર્યું હતું. પોલીસની રેડ દરમિયાન રાહુલ ગોસ્વામી, હેમલ દવે, ભાવેશ પવાર, આશુતોષ શાહ, રાહુલ ચહલ, સની પંડ્યા અને પૃથ્વીરાજ ડોડલાની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી પાંચ મોબાઈલ ફોન, 2 BMW કાર, હોન્ડા સિટી કાર, દારૂની બોટલ સહિત કુલ ૮.૫૦ લાખનો મુદ્દામાલ કરવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, હેમલ દવેએ દારૂ અને ડાન્સ પાર્ટીનું આયોજન કર્યું હતું. હેમલ દવે વિરુદ્ધ દારૂ પીધેલાનો કેસ કરવામાં આવ્યો છે અને રાતના ૧૨:૩૦ સુધી મ્યુઝિકલ ડાન્સ ચાલુ રાખવા બદલ જાહેરનામા ભંગની પણ ફરિયાદ નોંધવામાં આવી છે. તમામ આરોપીઓની ધરપકડ કરીને વધુ તપાસ કરવામાં આવી રહી છે.

### બગવાડામાં જૈન તિર્થ સ્થળે ચાલતી શિબિર

## માણસ ઘડે તો માટી મંગલ...કુંભને પથ્થર મૂર્તિ બને : યશોવર્મસૂરિ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૧૧ :** બગવાડા પ્રાચીન પ્રભાવિ જૈન તીર્થે ચાલી રહેલી ભવ્ય શિબિરને બગવાળાને તીર્થ સ્વરૂપ કરાવનારા શ્રદ્ધેયગુરૂદૈવ આચાર્ય શ્રીયશોવર્મ સૂરીશ્વરજી મહારાજાએ સંબોધી હુતી. પગમાં રગ દોળાતી માટી ઘડો બનીને કોઈના ઘરમાં મૂકાય. મંગલ ઘરમાં કૈ મંદિરમાં સ્થપાય, ત્યારે જ જયારે એને કોક કુંભાર (કુંભકાર) મળે. જ્યાં - ત્યાં અથડાતો પથ્થર પ્રતિમા બની કોઈ મંદિરમાં ભગવાન તરીક પૂજાય, જયારે એને કોઈ શિલ્પ કાર મળી જાય... શિબિરમાં આવેલા તમે તમામ બાળકો નૈ યુવાનો તમારી પ્રતિભા એટલી વિકસી શકે છે. કૈ જેજોઈ ઘર પરિવાર સમાજને દેશ તમારી પરગર્વ લઈ શકે. કમકે તમને કુંભકારને શિલ્પ કારથી આગળ સાક્ષાત સદ્ગુરૂ મળ્યા છે. જે તમને સંસ્કાર આપવા જબ્બર જસ્ત મહેનત કરી રહયા છે. તમે માત્ર ગુરૂ માહો કરો. બાકી બધુ પ્રભુ કરશે. હૈયાને હચમચાવતી વાપી પાસે આવેલા ફ.ફ.૪૮ સ્થિત બગવાડા પ્રાચીન જૈન તીર્થમાં ચાલી રહેલી એલ વી એસ શ્રીલધ્ધિ-વિક્રમ-કુમાર સંસ્કારશિખિરમાં બાળકોને યુવાનોનો ઉત્સાહગગને પહોચ્યો હતો. આજની શિખિર ને વિદ્વાન આ. શ્રી ભાગ્યયશ સૂ.મ. દ્રીષ્કારયશસૂ. ત્રા. ઉપા. પાર્શ્વયશયિ. મ. તીર્થ- નમન- સૌભાગ્ય-વૈશગ્ય-નિસર્ગ - ત્રઋષલ-મોક્ષાંગ યસ મ જે સંબોધિ હતી. જૈનત્વના આચાર વિચારની સાથે માનવ સર્જન બને તો માનવ ભવ સફળ છે એ યોગ શાસ્ત્ર ગ્રંથના આધારે સમજાવી જીવનના જુલ્યો બતાવામાં આવે છે. બગવાડા તીર્થ ધમધમી રહયુ છે. બગવાડાના બાદશાહ શ્રીઅજિત નાથ દાદાના પ્રભાવને સૌ માણી રહ્યા છે. યાદગાર આયોજન દ્રષ્ટીએ કર્યું છે તે જોરદાર તમામ વ્યવસ્થા ઉભી કરાઈ છે. અલગ-અલગ રોજ-રોજ કલાકારો પણ લાવવામાં આવે છે.

### ધોરણ-૧૦ના પરિણામમાં જબરો ગોટાળો,

## પરિક્ષા આપનાર વિદ્યાર્થીનીને ગેરહાજર બતાવી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નસવાડી, તા.૧૧. નસવાડીમાં ધોરણ ૧૦ની પરીક્ષાને લઈ મોટી બેદરકારી સામે આવી છે. તમામ વિષયની પરિક્ષા આપનાર વિદ્યાર્થીનીને ગેરહાજર બતાવી દીધી. નસવાડીની એસ.બી.સોલંકી શાળાની વિધાર્થિની સાથે બનાવ બન્યો છે. વિદ્યાર્થીની પરિક્ષા સમયે અન્ય સીટ નંબર પર બેસી જતા આ પરિણામ આવ્યુ છે. તપાસ કરતા જાણવા મળ્યુ કે, જે સીટ પર બેસી પરિક્ષા આપી તે વિદ્યાર્થી ગેરહાજર હતો જો કે પરિણામ આવતા તે પાસ થયો છે. તેથી આ સમગ્ર ગોટાળાને લઈ અરજી કરવામાં આવી છે. પરંતુ આ બનાવ બાદ પરિક્ષા કેન્દ્ર પર ફરજ બજાવતા કર્મચારીઓની બેદરકારી પર સવાલ ઉઠી રહ્યા છે.

**જાહેર નોટીસ / સમન્સ**
**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**
**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૧૮/૨૦૨૫**

**અરજદાર : રમણભાઈ છીમાભાઈ પટેલ**
**રહે.** ગૌરી, મોટા ફળિયા
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ગૌરી**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **રમણભાઈ છીમાભાઈ પટેલ** રહે. ગૌરી, મોટા ફળિયા તા. ખેરગામ જી.નવસારીએ તેમના પત્ની **દીનુબેન રમણભાઈ પટેલ**નું મરણ મોજે, ગૌરી, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૧૦/૦૭/૧૯૯૩ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૦૧/૦૫/૨૦૨૫**
**સ્થળ : વાંસદા**
કોર્ટનો સિક્કો
**સહિ/-**
**(ડી.આઈ. પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**
**જ.મ.પ.અ.નં.૧૧૨/૨૦૨૫**

**અરજદાર : શંકરભાઈ બાવાભાઈ સલાટ**
**રહે.** ધીમસા કાંકરિયા
તા.ઉમરગામ જી.વલસાડ **(વ.શ્રી. કે.એમ. શેખ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી ધામસા કાંકરીયા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શંકરભાઈ બાવાભાઈ સલાટ** રહે. ધામસા કાંકરીયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના બહેન **ધનુબેન બાવાભાઈ સલાટનું** મરણ તા.૦૪-૦૬-૨૦૦૧ના રોજ મોજે - ધામસા કાંકરીયા, તા. ઉમરગામ જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૧૨/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
કોર્ટનો સિક્કો
**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**
**જ.મ.પ.અ.નં.૧૧૦/૨૦૨૫**

**અરજદાર : છીબીબેન હરિચંદ્ર માછી**
**રહે.** ખત્તલવાડા, તેરમોરા
તા.ઉમરગામ જી.વલસાડ **(વ.શ્રી. એચ.પી. માછી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી ખત્તલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **છીબીબેન હરિચંદ્ર માછી** રહે. ખત્તલવાડા, તેરમોરા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકા સસરા **સોમાભાઈ વિઠ્ઠલભાઈ માછીનું** મરણ તા.૦૧-૦૬-૧૯૮૪ના રોજ મોજે - ખત્તલવાડા, તા. ઉમરગામ જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૧૦/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
કોર્ટનો સિક્કો
**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**
**જ.મ.પ.અ.નં.૧૦૮/૨૦૨૫**

**અરજદાર : મીનાબેન અમ્રતભાઈ સોરઠી**
**રહે.** કલગામ, સોરઠવાડ તા. ઉમરગામ
જી.વલસાડ ૯૫૭૪૩૪૭૫૫૭ **(વ.શ્રી. કે.એમ. શેખ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ/મરણ નોંધણી અધિકારી, કલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મીનાબેન અમ્રતભાઈ સોરઠી** રહે. કલગામ સોરઠવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ પુત્ર **સોરઠી સુનિલભાઈ અમ્રતભાઈના** જન્મ તા.૦૧-૦૬-૧૯૯૦ના રોજ મોજે - કલગામ સોરઠવાડ, તા. ઉમરગામ જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૦૮/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
કોર્ટનો સિક્કો
**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

**જાહેર નોટીસ / સમન્સ**
**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**
**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૧૯/૨૦૨૫**

**અરજદાર : સુમિત્રાબેન પ્રમોદભાઈ દેશમુખ**
**રહે.** ચીમનપાડા, દાદરી ફળિયા
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ચીમનપાડા**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **સુમિત્રાબેન પ્રમોદભાઈ દેશમુખ** રહે. ચીમનપાડા, દાદરી ફળિયા તા. ખેરગામ જી.નવસારીએ તેમના પિતા **પ્રમોદભાઈ છગનભાઈ દેશમુખ**નું મરણ મોજે, ચીમનપાડા, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૨૬/૦૧/૨૦૦૭ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૦૧/૦૫/૨૦૨૫**
**સ્થળ : વાંસદા**
કોર્ટનો સિક્કો
**સહિ/-**
**(ડી.આઈ. પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**
**જ.મ.પ.અ.નં.૧૦૭/૨૦૨૫**

**અરજદાર : દિનેશકુમાર જગનભાઈ કોળી**
**રહે.** કોલીવાડ, મરોલી તા. ઉમરગામ
જી.વલસાડ ૯૫૭૪૩૪૭૫૫૭ **(વ.શ્રી. કે.એમ. શેખ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ/મરણ નોંધણી અધિકારી, મરોલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દિનેશકુમાર જગનભાઈ કોળી** રહે. મરોલી કોલીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ પિતા **જગનભાઈ ચમારભાઈ કોળીના** મરણ તા.૦૬-૦૫-૧૯૬૮ના રોજ મોજે - મરોલી કોલીવાડ, તા. ઉમરગામ જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૦૭/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
કોર્ટનો સિક્કો
**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

**જાહેર નોટીસ / સમન્સ**
**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**
**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૧૭/૨૦૨૫**

**અરજદાર : અનિલભાઈ છોટુભાઈ પટેલ**
**રહે.** ખેરગામ, પારસીવાડ
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ખેરગામ**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **અનિલભાઈ છોટુભાઈ પટેલ** રહે. ખેરગામ, પારસીવાડ તા. ખેરગામ જી.નવસારીએ તેમના કાકા **રતિલાલ શામજીભાઈ પટેલ**નું મરણ મોજે, ખેરગામ, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૨૧/૦૫/૨૦૧૯ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૦૧/૦૫/૨૦૨૫**
**સ્થળ : વાંસદા**
કોર્ટનો સિક્કો
**સહિ/-**
**(ડી.આઈ. પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**
**જ.મ.પ.અ.નં.૧૧૧/૨૦૨૫**

**અરજદાર : છીબીબેન હરિચંદ્ર માછી**
**રહે.** ખત્તલવાડા, તેરમોરા
તા.ઉમરગામ જી.વલસાડ **(વ.શ્રી. એચ.પી. માછી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી ખત્તલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **છીબીબેન હરિચંદ્ર માછી** રહે. ખત્તલવાડા, તેરમોરા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સસરા **પ્રભુભાઈ વિઠ્ઠલભાઈ માછીનું** મરણ તા.૨૮-૦૬-૧૯૯૯ના રોજ મોજે - ખત્તલવાડા, તા. ઉમરગામ જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૧૧/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
કોર્ટનો સિક્કો
**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**












દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Monday 12, May 2025

# દમણગંગા ટાઇમ્સ



VIMAL ENTERPRISE

શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!

આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ'' જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે

Mo. 9374135780

CONTACT:RAMBHAI KUSHWAHA.

Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001




## ખેરગામમાં ગંભીર બનતી ટ્રાફિક સમસ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ, તા.૧૧ :** ખેરગામ તાલુકા મથક બન્યાને એક દાયકો વીતી ગયો તેમાં દિનબદિન ધંધા રોજગાર રહીશોમાં વૃદ્ધિ થતી ગઈ છે. જેમાં રાજ્ય ધોરીમાર્ગ ૧૮૧ દ્વારા પણ ચીખલી, ધરમપુર વચ્ચે આંતરરાજ્ય પરિવહન બેફામ વધતા અને ખેરગામની સાંકડી બજારમાંથી ચતુર્પાદી વાહનો પસાર થતા હોય વ્હોરા મસ્જિદ અને શ્રીજી ત્રિભેટા ખાતે સતત ટ્રાફિકજામ રહે છે. જેમાં હાલમાં કેરીની મોસમ હોય માર્કેટયાર્ડ ખાતે તાલુકાભરમાથી ખેડૂતો આવતાં હોય આંબેડકર વર્તુળ ખાતે પણ ગંભીર ટ્રાફિક સમસ્યા રોજ સર્જાય છે. ટ્રાફિક સમસ્યા નિવારણ માટે હોમગાર્ડ મુકેલા છે પરંતુ તેઓ પાસે ટ્રાફિક સમસ્યા કેવી રીતે ઘટે તે પ્રમાણેની કામગીરી લેવામાં તંત્ર નિષ્ફળ છે.

છબીમાં દર્શાવેલ લાલ રેખાવાળી જનતા મિલ ગલી કે વ્હોરા મસ્જિદ સ્કૂલવાળી ગલી અત્યંત સાંકડી છે જેને એકમાર્ગી કરવી જરૂરી છે પરંતુ તે માટે પંચાયત સહિત તંત્ર નિષ્ક્રિય રહે છે. ચીખલીથી સીધો ધરમપુર કે ધરમપુરથી ચીખલી તરફ જનારી કાર - વાહનોને બજારમાં પ્રવેશ મનાઈ કરી બાયપાસ હાઈસ્કૂલ માર્ગે જાય તો સમસ્યા અડધી ઘટી જાય. પણ તેમાં પગલાં ભરવામાં તંત્રો નિષ્ક્રિય છે.

## દુલસાડમાં કરંટ લાગતા બાળકનું મોત

**વલસાડ, તા. ૧૧ :** પારડીના સામરપાડા ગામ અને વલસાડના દુલસાડ ગામે રહેતા મામાના ઘરે નવા બાંધકામની કામગીરી દરમિયાન રમતા રમતા દિવાલ પાસે પડેલો એક વાયર પકડી લેતા ચાર વર્ષીય બાળકે પકડી લેતા જોરદાર વીજ કરંટ લાગતા તેને તાત્કાલિક ધરમપુરની સ્ટેટ હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. ચાર વર્ષીય બાળકનું અકાળે મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યો હતો.

પારડી તાલુકાના સામરપાડા ગામના હનુમાન ફળિયામાં કલ્પેશભાઈ પ્રભુભાઈ પટેલ પત્ની દર્શનાબેન પટેલ અને ચાર વર્ષે પુત્ર પ્રાંશ પટેલ સાથે રહે છે. વલસાડના દુલસાડ ગામ ના કેવાડા ફળિયામાં રહેતા મંજુબેન સુરેશભાઈ પટેલ અને સુરેશભાઈ છોટુભાઈ પટેલનું નવું મકાનનું બાંધકામ ચાલે છે. પ્રાંશ પટેલ ગઈકાલે મામાના ઘરે રમતા રમતા મકાનની દીવાલ પાસે રાખેલ એક એલ્યુમિનિયમની સીડી ઉપર ચઢી ગયેલ અને દીવાલ પાસેના એક ઈલેક્ટ્રિક વાયર પ્રાંશે પકડી લેતા તેને કરંટ લાગતા મામીએ જોર જોરથી બૂમાબૂમ કરતા આજુબાજુના લોકો દોડી ગયા અને તાત્કાલિક ધરમપુર સાયલા હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતાં. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં અકસ્માત મોતનો ગુનો નોંધાવતા આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## સલવાવ હાઈવે પરથી દારૂ ભરેલ ટેમ્પા સાથે એક ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૧ :** દમણથી જુનાગઢ તરફ જતાં એક બંધ બોડીના ટેમ્પોને સલવાવ હાઈવે ઉપર એલસીબી પોલીસે રોકી તેમાં તપાસ કરતા ૭ લાખનો ગેરકાયદે દારૂનો જથ્થો લઈ જવાતા હોવાનું બહાર આવતા ચાલકની ધરપકડ કરી દારૂ ભરાવનાર તથા લેનારને વોન્ટેડ જાહેર કરાયા છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે વલસાડ જિલ્લા એલસીબી પોલીસની ટીમ વાપી પંથકમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતાં. તે દરમિયાન બાતમી મળી હતી કે દમણ થી એક મહારાષ્ટ્રના બંધ બોડીનો ટેમ્પો જુનાગઢ તરફ જઈ રહ્યો છે. જેમાં મોટી માત્રામાં દારૂ બિયરનો જથ્થો ભરાયો છે. જેને લઇ એલસીબી પોલીસે



વાપીના સલવાવ ખાતે નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ રોયલ એનફિલ્ડના શોરૂમ સામે વોચ રાખી મુંબઈથી સુરત તરફ જતા નેશનલ હાઈવે નંબર આઠ ઉપરથી આવતો ટેમ્પો નંબર એમએચ ૦૧ ઈએમ ૯૬૨૬ને રોકી તેમાં તપાસ કરતા ૪૨૭૨ દારૂ બિયરની બોટલ જેની કિંમત રૂપિયા ૭,૦૬,૭૦૪નો મળી આવ્યો હતો. આથી પોલીસે ચાલક પાસે દારૂ બિયરની પરમિશન અંગેની માંગણી કરતા તેઓ કોઈપણ જાતના દસ્તાવેજ રજૂ નહીં કરતા પોલીસે ચાલક અજય કૈલાશ ખટીક રહે રાજસ્થાનની ઘર પકડ કરી વાપીના ડુંગરા પોલીસ મથકમાં સોંપી પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો દમણથી રાજુ પાટીલ નામના સુરત રહેતા ઈસમે ભરાવ્યો છે અને તેને સુરત લઈ જવાનો હોવાનું જણાવતા પોલીસે દારૂ ભરાવનાર તથા લેનારને વોન્ટેડ જાહેર કરી રૂા. ૭,૦૬,૭૦૪ અને ૭ લાખ રૂપિયાનો ટેમ્પો તેમજ ૫૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન મળી ખુલ્લે ૧૪,૧૧,૭૦૪ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ ડુંગરા પોલીસ કરી રહી છે.


UPASANA LIONS ENGLISH Medium School, G.I.D.C.-Vapi

Proudly inform to all that we have obtained 100% results in 12 Science (97 Students), 12 Commerce (III Students) 12 Arts (19 Students) & Class 10 (147 Students) a rare feat achieved by any school amongst English, Gujarati, Hindi medium schools surrounding Vapi and Valsad district.

CLASS 12 SCIENCE

| Sr.No. | Percentage | No. of students |
|---|---|---|
| 1 | 75% & Above | 30 students |
| 2 | 60% - 74% | 54 students |
| 3 | 50% - 59% | 13 students |

CLASS 12 GENERAL

| Sr.No. | Percentage | No. of students |
|---|---|---|
| 1 | 75% & Above | 53 students |
| 2 | 60% - 74% | 48 students |
| 3 | 50% - 59% | 10 students |

CLASS 10

| Sr.No. | Percentage | No. of students |
|---|---|---|
| 1 | 75% & Above | 79 students |
| 2 | 60% - 74% | 61 students |
| 3 | 50% - 59% | 07 students |

We congratulate all students, teachers and parents for their brilliant performance.

Sherin Moncey
Dr. Jhumna Maity
Vice Principals

Harikesh Sharma
Principal

Members of school working committee
All Trustees of Lions club of Vapi udyognagar charitable trust


## વાપીમાં ચોર, લૂટારા અને અસામાજીક તત્વોને પોલીસની હાક અને ધાક રહી નથી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૧ :** વાપીના રામા રેસીડેન્સી બિલ્ડિંગમાં રહેતો પરિવાર રાજસ્થાનમાં લગ્ન પ્રસંગે ગયા બાદ ફલેટનું તાળું તોડી સોનાના દાગીના તથા રોકડની ચોરી કરાયાની ઘટના બનતા વાપી ટાઉન વિસ્તારમાં રહેતા લોકોમાં ચોર લૂંટારાનો ભયનો માહોલ ઉભો થયો છે. ચોર લૂંટારા અને અસામાજિક તત્વોને પોલીસની હાક અને ધાક ન હોય તેવી પરિસ્થિતિ સર્જાય છે. જિલ્લા પોલીસવાળા દ્વારા વાપી ટાઉન વિસ્તારમાં અસામાજિક તત્વો અને ચોર લૂંટારાને કાબુમાં લેવાય તેવી વ્યવસ્થા ઉભી કરવાની જરૂર છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપીના નામધા ખડકલા રોડ ઉપર આવેલ તબેલા પાસે રામા રેસીડેન્સી નામની બહુમાળી બિલ્ડીંગ આવેલી છે. જેમાં રહેતા અને અંબાચ ગામે ફોટો સ્ટુડિયો ચલાવતા ભગવતીલાલ છીપા તા. ૨૮-૪-૨૦૩૦ના રોજ તેમના બહેનના લગ્ન પ્રસંગે પરિવાર સાથે વતન ગયા હતા અને ત્યાંથી તેઓ તારીખ ૭ ૫ ૨૦૨૫ ના રોજ પરત આવતા તેમના ફલેટનું તાળું તૂટેલું તેમજ દરવાજો ખુલ્લો દેખાતા અંદર જઈ તપાસ કરતા તેના બેડરૂમનો કબાટ પણ ખુલ્લો હતો અને તેમાંથી મની ટ્રાન્સફરના બચતના રોકડા રૂપિયા એક લાખ તેમજ તેમની પત્નીનું સોનાનું મંગલસૂત્ર કાનની બુટ્ટી ચાંદીના પાયલ સહિત રૂા. ૧,૮૦,૦૦૦ની મુદ્દામાલની ચોરી કરી ગયાની વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરાય છે. જો કે પોલીસે બિલ્ડિંગમાં લાગવામાં આવેલ સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેન્સના આધારે તપાસ હાથ ધરી છે.

## બોડવાકથી ૧.૪૬ લાખનો દારૂ ઝડપાયો

**ચીખલી, તા.૧૧ :** ચીખલીના બોડવાક ગામના દાદરા ફળિયા ખાતે મોટા પાયે દારૂનું કાર્તિગ થઈ રહ્યું હોવાની બાતમી નવસારી એલસીબીના હે. કો. ગણેશ દીનું તથા અયાજ મતરફ અને કિરણ ભગુને થતા તાત્કાલિક ઘટના સ્થળે જઈ રેડ પાડતા વિમલ પટેલના ઘર પાસે દારૂનું કટીંગ કરી રહેલા સુરતના રહીશ પતિ કલ્પેશ અંબાલાલ મિસ્ત્રી, નેહલબેન મિસ્ત્રી બંને રહે. સુરતને ઝડપી પાડી વીસ્કી, વોડકા, ટીન બિયરની નંગ ૪૧૬ કબજે લેવામાં આવી હતી. જેની અંદાજિત કિંમત રૂા. ૧.૪૬. ૬૦૦ ગણવામાં આવી છે. જ્યારે ટવેરા ગાડી નંબર જીજે ૦૫ જેબી ૦૦૯૧ જેની કિંમત રૂા. ૩ લાખ તેમજ નંબર વગરની સ્વીફ્ટ કાર કિંમત રૂા. લાખ અને ૨ નંગ મોબાઈલ કિંમત રૂા. ૧૦,૦૦૦ મળી કુલ્લે રૂા. ૭,૫૬,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો ભરાવનાર વિમલ જયંતીલાલ પટેલ રહે બોડવાક દાદરા ફળિયા તા. ચીખલી જે પોલીસની રેડ જોઈને ભાગી જતા જેને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

## ડાંગના બારીપાડા માર્ગ પર બાઈક અકસ્માતમાં ચારને ઈજા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**


**સાપુતારા, તા.૧૧ :** મહારાષ્ટ્રનાં સુરગાણાથી ગવર્યા ગામે જતી હોન્ડા સુપર સ્પ્લેન્ડર.નં. જીજે ૩૦ સી ૧૪૯૫ અને શામગહાનથી બોન્ડારમાળ જતી હોન્ડા સાઈન નં. GJ.30.C.1587 જે બારીપાડાથી માંળુગાને જોડતા રાજય ધોરીમાર્ગનાં બારીપાડા-મુંરબી ગામની વચ્ચે સામસામે ભટકાતા ઘટના સ્થળે ગમખ્વાર અકસ્માત થયો હતો. આ અકસ્માતનાં બનાવમાં બોન્ડારમાળ ગામ જઈ રહેલા નરેશભાઈ શિવરામ ગાંગોડાને જડબાનાં ભાગે ફ્રેક્ચર થયુ છે.જ્યારે બાઈકનાં સાયલેન્સરથી તેમની પીઠ પણ દાઝી ગઈ છે.તેમની સાથે સવાર લલિતા પ્રકાશ ગાંગોડાને હાથનાં ભાગે ગંભીર ઈજા થઈ હતી.જ્યારે બીજી બાઈક પર ગવર્યા જઈ રહેલા વ્યક્તિઓમાં સુરજ ચિંતુ પવારને કમરના ભાગે ઈજા થઈ હતી. તેમની સાથેના અભય રવિ તુંબડાને પગમાં ફ્રેક્ચર થયુ હતુ.અહી ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલ નરેશભાઈ શિવરામ ગાંગોડાને ખાનગી વાહનમાં વાંસદાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યારે સુરજ ચિંતુ પવાર અને અભય રવિ તુંબડાને આહવા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.આ અકસ્માતમાં બંને બાઈકને જંગી નુકસાન થયુ છે.હાલમાં સાપુતારા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


દમણગંગા ટાઈમ્સને ૨૮મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...



એક શુભેચ્છક
(WC)
ચીખલી

દમણગંગા ટાઈમ્સને ૨૮મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...



એક શુભેચ્છક
(GR)
ચીખલી

દમણગંગા ટાઈમ્સને ૨૮મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...

ગ્રામ પંચાયત સરોંડા



શ્રી સંદિપભાઈ (પૂર્વ સરપંચ)



**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**